RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 232 Dt. 14-12-2024 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

### વર્ષ ૨૦૦૨-૦૩માં રાજ્યનું શહેરી વિકાસ બજેટ રૂ. ૭૫૦ કરોડ હતું તે આજે રૂ. ૨૧,૬૦૦ કરોડથી વધુનું થયું છે

# રાજકોટને આઈકોનિક સીટી તરીકે વિકસાવવાની સરકારની નેમ : મુખ્યમંત્રી

## ૭૯૩.૪૫ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રી : ફ્યુચરિસ્ટિક સિટી ડેવલપમેન્ટ અને શહેરી સુખાકારીને ધ્યાને રાખી વિકસિત ગુજરાત વિઝનને સુદ્રઢ કરાશે













રાજકોટ, તા. ૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે રાજકોટ ખાતેથી રૂ. ૭૯૩.૪૫ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. શહેરના રેસકોર્સ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ફ્યુચરિસ્ટિક સિટી ડેવલપમેન્ટ અને શહેરી સુખાકારીને ધ્યાનમાં રાખીને વિકસિત ગુજરાત ૨૦૪૭ના રોડ મેપમાં રાજ્ય સરકારે સુદ્રઢ શહેરી વિકાસનું વિઝન રાખ્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસન દાયિત્વ કાળમાં દેશમાં ઈઝ ઓફ લિવિંગ અને હેપ્પીનેસ ઈન્ડેક્સમાં સતત વૃદ્ધિ થઈ છે. વડાપ્રધાનની ''ગુડ ગવર્નન્સ''ની પ્રણાલીને સર્વગ્રાહી વિકાસથી આગળ ધપાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૪૭ સુધીમાં રાજ્યની ૭૦% વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે ત્યારે ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતો ધ્યાનમાં રાખીને વિકાસનું આયોજન કરવામાં આવે છે એમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ લોકાર્પણ-ખાતમુહૂર્ત તથા પીએમ એવાય આવાસ ફાળવણી ડ્રોનાં અવસરે અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકાની શહેરી બસ પરિવહન સેવામાં ૨૨ નવી સીએનજી બસ તેમજ ડ્રેનેજ વિભાગના નવા ૭ જેટિંગ મશીન વાહનોને ફ્લેગ ઓફ કરાવ્યું હતું. મુખ્યમંત્રીએ રાજકોટમાં રૂ. ૨૨૪.૨૬ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત અને રૂ. ૫૬૯.૧૯ કરોડના વિકાસકામોના લોકાર્પણ કર્યા હતા.

આ પ્રસંગે ઉમેર્યુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વધતા જતા શહેરીકરણના પડકારને વિકાસ અવસરમાં પલટાવીને શહેરી જનજીવન સુખાકારી માટે બજેટ વધાર્યું અને નાણાના અભાવે કોઈ વિકાસ કાર્ય અટકે નહીં તે પણ સુનિશ્ચિત કર્યું છે. રાજ્યનું શહેરી વિકાસ બજેટ કે જે વર્ષ ૨૦૦૨-૦૩માં રૂ. ૭૫૦ કરોડ હતું તે આજે વધીને રૂ. ૨૧,૬૦૦ કરોડથી વધુનું થયું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે એક સમયે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં જે પાંચ-પચીસ લાખના બજેટ બનતા ત્યાં હવે એક જ દિવસમાં કરોડો રૂપિયા વિકાસકામો માટે અપાઈ રહ્યા છે.

રાજ્ય સરકારે પાછલા ત્રણ જ વર્ષમાં રાજકોટ મહાનગરને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અને ફ્લાયઓવર બ્રિજ માટે કુલ અંદાજે રૂ. ૯૭૦ કરોડની ફાળવણી કરી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સ્માર્ટ સિટીને શોભે તેવા ૧૪ લાખ આવાસોના નિર્માણ સાથે ગુજરાત દેશમાં અગ્રેસર બન્યુ છે ત્યારે આજે રાજકોટના આંગણે વધુ ૧૨૨૦ આવાસો લાભાર્થી પરિવારોને ફાળવવા માટેનાં અવસરમાં સહભાગી બનવા માટે મુખ્યમંત્રીશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત દેશનું આર્થિક પાટનગર બની રહ્યું છે, ત્યારે રાજકોટ શહેરનો પણ રાજ્યના અન્ય શહેરોની જેમ વિકાસ કરવા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. રાજકોટ શહેરને આઈકોનિક સીટી તરીકે વિકસાવવાની રાજ્ય સરકારની નેમ છે તેમ જણાવતા તેમણે સ્વચ્છતાને સ્વભાવ બનાવીને રાજકોટને ઈકોફ્રેન્ડલી અને પ્રદૂષણમુક્ત બનાવવા પણ સૌને આગ્રહભેર અનુરોધ કર્યો હતો.

મેયર નયનાબેન પેઢડીયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તેમજ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ડબલ એન્જિનની સરકારે રાજકોટના વિકાસને હંમેશા પ્રથમ પ્રાથમિકતા આપી છે, જેના પ્રતાપે આજે રાજકોટ સૌરાષ્ટ્રનું હબ બન્યું છે. અટલ સ્માર્ટ સિટીના નિર્માણથી નાગરિકોને અધતન સુવિધાઓ પ્રાપ્ત થશે, તેમ મેયરએ ઉમેર્યુ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મંત્રીઓ, સાંસદ, ધારાસભ્યઓ, કોર્પોરેટરઓ તથા શહેરના પ્રબુદ્ધ નાગરિકોએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પુષ્પગુચ્છ તથા સ્મૃતિચિન્હ ભેટ કરી આવકાર્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જૈમીન ઠાકરે સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ પ્રાસંગિક પ્રવચનમાં સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે સ્માર્ટ સિટી અને અટલ સરોવર અંગેની ટૂંકી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ પ્રસારિત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં દિવ્યાંગ પેરાસ્વિમરશ્રી નીતિબેન રાઠોડને રૂ. ૫૧ હજારનો ચેક આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણાધીન ૧.૫ બીએચકેના ૧૨૨૦ આવાસોની ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરી લાભાર્થી પરિવારોને મુખ્યમંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આવાસની ચાવી સોંપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મંત્રી રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળિયા અને ભાનુબેન બાબરીયા, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા અને રામભાઈ મોકરીયા, ધારાસભ્યઓ ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, અગ્રણીઓ ભરતભાઈ બોઘરા, મુકેશભાઈ દોશી, લીલુબેન જાદવ, મનીષભાઈ રાડિયા, માધવભાઈ દવે, રાજુભાઈ ધ્રુવ સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લેતાં મુખ્યમંત્રી

રાજકોટ ખાતે વિવિધ કાર્યક્રમોના શિલાન્યાસ – ખાતમુહૂર્ત – લોકાર્પણ પ્રસંગે પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા માવતરોને આપવામાં આવતી સુવિધાઓ તથા અનન્ય સેવા બદલ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ તકે સંસ્થાના સંચાલક વિજયભાઈ ડોબરીયા તથા ટ્રસ્ટીઓએ પુષ્પગુચ્છ સાથે મુખ્યમંત્રીને આવકાર્યા હતા. સદભાવના વૃદ્ધાશ્રમ વતી સંસ્થાના સંરક્ષક અને માર્ગદર્શક પરમાત્માનંદ સરસ્વતીજીએ મુખ્યમંત્રીને આશીર્વચન પાઠવ્યા હતા.મુખ્યમંત્રીએ આશ્રમની કામગીરી અને વ્યવસ્થા નિહાળી નિવાસી વૃદ્ધો સાથે મુલાકાત કરી તેમના ખબર–અંતર પૂછ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટીઓએ મુખ્યમંત્રીને મોમેન્ટો અને શાલ ભેટ કરી આવકાર્યા હતા. સંસ્થાના નિવાસી વડીલો પ્રત્યે સંવેદના દાખવતા મુખ્યમંત્રી તેઓના રૂમમાં જઈ મળ્યા હતા ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, દાતાઓ અને કાર્યકર્તાઓ સાથે બપોરનું ભોજન–પ્રસાદ ગ્રહણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દસ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૫૦ જેટલા માવતરો નિવાસ કરી રહ્યા છે. જેમાં ૨૦૦ જેટલા વડીલો સાવ પથારીવશ છે. હાલ સંસ્થા દ્વારા 30 એકર જગ્યામાં, ૫૦૦૦ નિઃસંતાન, નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું વિશ્વનું સૌથી મોટું ૧૪૦૦ રૂમયુક્ત નવું પરિસર રૂ.300 કરોડનાં માતબર ખર્ચે રામપર, જામનગર રોડ, રાજકોટ ખાતે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૦૪ વર્ષ સુધી ઉછેર કરવાનો સંકલ્પ પણ કરવામાં આવ્યો છે તેમજ સંસ્થા દ્વારા બળદ આશ્રમ, શ્વાન આશ્રમ તેમજ રાહત દરે મેડીકલ સ્ટોર, નિઃશુલ્ક પશુ દવાખાનું, પાંજરાપોળ, પડતર કિંમતની નર્સરી પણ ચલાવવામાં આવે છે.

## ૧૫૦ કરોડના ખર્ચે શિતુલ મંજુ પટેલ હોસ્પિટલનો શિલાન્યાસ કરતાં મુખ્યમંત્રી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજકોટ ખાતે વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સુવિધાથી સુસજ્જ અને અંદાજિત રૂ. ૧૫૦ કરોડના ખર્ચે નિર્માણ થનારી શિતુલ મંજુ પટેલ હોસ્પિટલનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ તકે મુખ્યમંત્રીને પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ મુખ્યમંત્રીના હસ્તે મંત્રોચ્ચાર સાથે હોસ્પિટલની શિલાન્યાસ વિધિ કરવામાં આવી હતી. ૧૨ માળની આ હોસ્પિટલમાં ૨૫૦ બેડની સુવિધા ઉપલબ્ધ થશે. જેમાં ગેસ્ટ્રોલોજી, નેફ્રોલોજી, યુરોલોજી, ન્યુરોલોજી, કાર્ડિયોલોજી, ઓન્કોલોજી, પલ્મોનોલોજી વિભાગોમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સારવાર કિફાયતી દરે પુરી પાડવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ રાજ્ય સરકારનો કૃતજ્ઞતાપૂર્વક આભાર માનતા બી.ટી.સવાણી હોસ્પિટલના ચેરમેન જયંતિભાઈ ફળદુએ જણાવ્યું હતું કે, સરકારની આયુષ્માન યોજના લોકો માટે વરદાનરૂપ બની રહી છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વિવેક જોશીએ નિર્માણાધિન શિતુલ મંજુ પટેલ હોસ્પિટલ અંગેની વિગતો ઉપસ્થિત સર્વેને પુરી પાડી હતી. ઉલ્લેખનીય છે કે, ભવિષ્યમાં આ હોસ્પિટલ ખાતેથી કિડની, લીવર, હૃદય, ફેફસાં, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરી શકાશે. આ માટે ૧૨ એડવાન્સ પ્રકારના અત્યાધુનિક ઓપરેશન થિયેટર કોમ્પ્લેક્સ કે જેમાં, રોબોટીકસ સર્જરીની સુવિધા અને સારવાર રાહત દરે પુરી પાડવામાં આવશે. વિવિધ પ્રકારની ઓપીડી માટે લગભગ 30 જેટલા કન્સલ્ટિંગ રૂમ અને વેઈટિંગ માટે વિશાળ જગ્યાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. સંપૂર્ણ કેમ્પસ ગ્રીન અને સસ્ટેઈનેબલ બની રહે તે માટે સોલાર સિસ્ટમ પણ ઈન્સ્ટોલ કરવામાં આવશે અને પાંચ માળના પાર્કીંગની સુવિધા પણ ઊભી કરવામાં આવશે.**

### આવ તારૂ કરી નાખું...ઠગાઈની ઘટનાઓ અટકતી જ નથીઃ વધુ કેટલાક બન્યા ભોગ

# વેપારીને શેરબજારના નામે ભાગીદારે લગાવ્યો સવા કરોડનો ચૂનો

## બીજા કિસ્સામાં વિદેશ મોકલવાની લાલચ આપી પાંચ લોકોના સત્તાણુ લાખ ખાઈ જવાયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૩**

શેર બજારમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી લાલચ આપી છેતરપીંડી કરવાના કિસ્સા રોજબરોજ બને છે. વધુ એક નાવમાં એક હાર્ડવેરના વેપારીને તેના પડોશીએ શેર બજારમાં રોકાણ કરવાથી નફો થશે તેમ કહી ભાગીદાર બનાવી એક કરોડ ત્રીસ લાખનો ચુનો લગાવી દીધો છે. મોટે ભાગે ઓનલાઇન ફ્રોડ કરીને ગઠીયાઓ આ રીતે નાણા પડાવતાં હોય છે. પરંતુ અહિ પરિચીતે જ ચૂનો લગાડી દીધો હતો. બીજા એક બનાવમાં ગેટવે ઓવરસીઝ દ્વારા વિદેશ મોકલવાની લાલચ દઇ પાંચ લોકોને સત્તાણુ લાખનો ધૂંબો મારી દેવાયો છે.

ઠગાઈની પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગાંધીનગરના કુડાસણમાં રહેતા હાર્ડવેરના વેપારીને શેરબજારમાં રોકાણ કરાવી કમાણીની લાલચ આપીને પેઢીમાં ભાગીદાર બનાવી એક કરોડ ત્રીસ લાખ રૂપિયાનો ચુનો પાડોશી દંપતી દ્વારા લગાવવામાં આવ્યો છે. જે મામલે આખરે વેપારીને છેતરાયનો અહેસાસ થતા ઇન્ફોસિટી પોલીસ મથકમાં ત્રણ સામે ગુનો દાખલ કરાવ્યો હતો.

આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કુડાસણમાં આવેલી સરલ હાઈટ્સ વસાતમાં રહેતા અને અમદાવાદ ખાતે માણકી એન્ટરપ્રાઇઝ થકી હાર્ડવેરનો વેપાર કરતા વિશાલ પ્રહલાદભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી કે, તેમની મિત્રતા વસાહતમાં જ ડી ૪૦૪માં રહેતા અને શેર માર્કેટમાં નિફટી ટ્રેડિંગનો વ્યવસાય કરતા જૈમીન ભરતભાઈ પટેલ સાથે થઈ હતી અને તેમણે શેર બજારમાં રોકાણ કરવાની વાત કરી હતી ત્યારબાદ શેર માર્કેટમા ટ્રેડીંગ કરવા વ્યાતકો એપોર્શન એલ.એલ.પી. પેઢી બનાવી તેના નામથી ડીમેટ એકાઉન્ટ ખોલવાની વાત કરી હતી પરંતુ તેમા સમય લાગે તેમ હોવાથી તેણે પોતાના ડીમેટ એકાઉન્ટ દ્વારા ટ્રાન્જેક્શન કરવાનું જણાવ્યું હતું. જેથી વિશાલે ખાતામાંથી રૂપિયા ૫ લાખ ટ્રાન્સફર કર્યા હતાં.

પરંતુ જૈમીન કોઈ હિસાબ આપતો ન હતો. જે બાબતે પૂછતાં છઠ્ઠી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ જૈમીનના ભાઈ પાર્થ પટેલે વ્યાતકા એપોર્શન એલ.એલ.પી. પેઢી નામથી પાર્ટનરશીપનો એગ્રીમેન્ટ કરી આપ્યું હતું. એટલે વિશાલ




જૈમીનના કહેવા મુજબ જૈમીન અને તેની પત્નિ શ્વેતાબેન અને પાર્થનાં ખાતામા પણ રૂપિયા જમા કરાવતો રહ્યો હતો. હતો. ૩૦ એપ્રિલ સુધીમાં ૧.૪૦ કરોડ ત્રણેયના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. જે પેટે જૈમીને ટુકડે ટુકડે રૂ. ૧૦ લાખ પરત કર્યા હતા. બાદમાં વિશાલે તપાસ આવું કોઈ એકાઉન્ટ પણ નહીં હોવાનું માલુમ પડયું હતું અને તેને આપવામાં આવેલા હિસાબો પણ ખોટા છે. આખરે પોતાની સાથે રૂ. ૧.૩૦ કરોડથી વધુની છેતરપિંડી થયાનું લાગતાં આ ત્રણેય વ્યક્તિઓ સામે પડતાં ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી.

બીજા બનાવમાઁ ગાંધીનગરના કુડાસણ અને વડોદરા ખાતે આવેલી ગેટવે ઓવરસીઝના એજન્ટો દ્વારા કેનેડાના વિઝા કરી આપવાની લાલચ આપીને પાંચ જેટલા વ્યક્તિઓ પાસેથી ૯૭ લાખ રૂપિયા જેટલી રકમ પડાવી લેવામાં આવી હતી. જે સંદર્ભે હાલ ઇન્ફોસિટી પોલીસે ત્રણ સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ થઇ છે. હાલમાં લોકોને વિદેશ મોકલવા માટે ઘણી બધી કંપનીઓ ખુલી ગઈ છે અને છેતરપિંડી પણ કરી રહી છે ત્યારે આ વખતે ગાંધીનગરના કુડાસણમાં રાધે સ્કવેર બિલ્ડીંગમાં આવેલી ગેટવે ઓવરસીઝ દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. કુડાસણના અતિશય શિવાલય સોસાયટીમાં રહેતા નીરુબેન શૈલેષભાઈ પટેલ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, વર્ષ ૨૦૨૧માં તેમને બિઝનેસ વિઝા જોઈતા હોવાથી આ ઓફિસમાં ગયા હતા.

જ્યાં ગાંધીનગરમાં રહેતો વિજયકુમાર એમ મળ્યો હતો અને તેણે આ ફ્રેંચાઇઝી વડોદરા ખાતે રહેતા ગગનદીપસિંગ અમર-તસિંગ પાસેથી લીધી હોવાની વાત કરી હતી.બાદમાં વિજયે બિઝનેસ વિઝાની માહિતી આપી ગગનદીપસિંગ અમરપ્રિતસિંગ સાથે મુલાકાત કરાવી હતી. જેણે નિરુબેન અને તેમના પતિની -ફાઈલ જોઈને કેનેડાના બિઝનેસ વિઝાનો ૨૭ લાખ ખર્ચ કહ્યો હતો. જેનાં પગલે નક્કી થયા મુજબ નિરુબેને રોકડા અને ચેકથી કુલ રૂ. ૯ લાખનો પ્રથમ હપ્તો નોટોરાઇઝ એગ્રીમેન્ટ મુજબ ચૂકવી દીધો હતો અને પુણા ખાતે જઈ બાયોમેટ્રીક ફાઈલ સબમિશન કરાવી હતી અને એગ્રીમેન્ટ મુજબ બીજા નવ લાખ ચૂકવ્યા હતા. બાદમાં છ મહિના પછી વિઝા ફાઇલમાં ક્વેરી આવી હતી. જેનો જવાબ પણ નિયત સમય મર્યાદામાં આપવામાં આવ્યો હતો. તેમ છતા વિઝા ફાઈલનુ કામ નહીં થતાં નિરૂબેને પૈસા પરત આપીને કામ બંધ કરી દેવા કહ્યું હતું.

ત્યારબાદ વડોદરા ઓફિસના કર્મચારી સફિયાના સાથે મીટીંગ કરાવી હતી અને ૧૧ લાખનો ચેક પરત આપ્યો હતો. જે રિટર્ન થયો હતો. ઓફિસમાં તપાસ કરતા તે બંધ હતી અને એજન્ટોએ ફોન પણ બંધ કર્યા હતા ત્યારબાદ અન્ય ચાર વ્યક્તિઓ પાસેથી પણ આ જ -કારે છેતરપિંડી કરી આ ટોળકી ૯૭ લાખ ખંખેરી લીધા હોવાનું બહાર આવ્યું હતું. હાલ ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

### ૧૦ એકરમાં નિર્માણ પામનારું ઉમિયાધામ ભક્તિ સાથે સામાજિક- શૈક્ષણિક યાત્રાધામ પણ બનશે : જશવંતપુર ખાતે થયું ખાતમુહૂર્ત

# શ્રેષ્ઠ રાષ્ટ્ર નિર્માણ માટે આધ્યાત્મિક ચેતના જરૂરી : CM

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમાજ શક્તિ થકી રાષ્ટ્ર નિર્માણ અને ધર્મસેવા સાથે સાંસ્કૃતિક ધરોહરની જાળવણી, આધ્યાત્મિક ચેતનાના વિશિષ્ટ કાર્યો થયા છે

### ઉમિયાધામના માધ્યમથી ધર્મ સેવા સાથે જનસેવાના કાર્યો થશે : શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે સંસ્કાર સિંચન અને રાષ્ટ્ર નિર્માણ માટે આધ્યાત્મિક ચેતના જરૂરી







રાજકોટ તા. ૧૩

રાજકોટ જિલ્લાના જશવંતપુર ગામ ખાતે ૧૦ એકરમાં ઉમિયાધામ મંદિરના ખાતમૂહુર્ત પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમાજની પ્રગતિ સંસ્કારોથી થતી હોય છે. સમાજમાં સંસ્કાર સિંચન અને સામાજિક કાર્યોમાં જો આધ્યાત્મિક શક્તિ ભળે તો સમાજમાં દૂષણ આવતું અટકે છે. શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે સંસ્કાર સિંચન અને રાષ્ટ્ર નિર્માણ માટે આધ્યાત્મિક ચેતના જરૂરી છે. આ દિશામાં રાજ્ય સરકાર તેમજ સેવ ઇન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ''સેવ કલ્ચર'' ઝુંબેશ હાથ ધરી વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.મુખ્યમંત્રીએ ગૌરવપૂર્વક કહ્યુ હતું કે, પાટીદાર સમાજ દ્વારા આરોગ્ય, શિક્ષણ (છાત્રાલયો) જેવા ધર્મ સેવા સાથે જનસેવાના ઉત્તમ કાર્યો થઈ રહ્યા છે. ઉમિયાધામના નિર્માણ માટે જોડાનાર દાતાઓ, સ્વયંસેવકો અન્ય સમાજોને પ્રેરિત કરે છે. પાટીદાર સમાજે પરંપરા અને આધુનિકતાનો સમન્વય સાધ્યો છે, જે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં સહભાગી થશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમાજ શક્તિથી રાષ્ટ્ર નિર્માણ અને ધર્મ સેવા સાથે સાંસ્કૃતિક ધરોહર, આધ્યાત્મિક ચેતનાના વિશિષ્ટ કાર્યો થયા છે. વડાપ્રધાન દ્વારા અયોધ્યામાં રામ મંદિર, કાશી, અંબાજી, મહાકાલ કોરિડોર, સોમનાથ તેમજ રામાયણ સર્કિટ, બૌદ્ધ સર્કિટ, વિવેકાનંદ સર્કિટ સાથે વિકાસ અને વિરાસતને ગૌરવાન્વિત ઊંચાઈ પર લઈ જવાનું કાર્ય થયું છે. રાજકોટ ખાતેના ઉમિયાધામના નિર્માણ હેતુ રાજ્ય સરકારે દસ એકર જમીન ફાળવી છે. જેમાં યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટ, વૃદ્ધો માટે એમ્યુઝમેન્ટ પાર્ક સહિતના સમાજોપયોગી કાર્ય થશે. આ માટે મુખ્યમંત્રીએ ઉમિયાધામના આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે મા ઉમાની ભક્તિ સાથે સમાજના સર્વાંગી વિકાસના કાર્યો થતાં ભક્તિ સાથે સમાજમાં શકિતનો પણ સંચાર થશે તેમ જણાવી સમાજને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા આહવાહ્ન કર્યું હતું.સાંસદ પુરૂષોત્તમભાઈ રૂપાલાએ આ તકે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, રાજકોટનું ઉમિયાધામ શ્રધ્ધાનું કેન્દ્ર તો બનશે જ સાથો સાથ આ ઉમિયાધામ સામાજિક સંસ્થાના માધ્યમથી યુવાનોને વિકસવાની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવશે. ઉમિયાધામનાં માધ્યમથી વિરાસત સાથે વિકાસને જોડવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે.

આ ખાતમૂહુર્ત પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીનો શુભેચ્છા સંદેશ વિડીયો પ્રસારિત કરવામાં આવ્યો હતો. મહાનુભાવોના હસ્તે દાતા, આગેવાનોને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉમિયાધામ સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, ઉપપ્રમુખ નંદલાલભાઈ માંડવીયા તેમજ ઊંઝા ઉમિયાધામના પ્રમુખ બાબુભાઈ પટેલ દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય સર્વઓ ડો. મહેન્દ્રભાઈ પાડલિયા, રમેશભાઈ ટીલાળા, કાંતિભાઈ અમૃતીયા, રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા,આગેવાન રાજુભાઈ ધ્રુવ, ડો . વલ્લભભાઈ કથીરિયા, સિદસર મંદિરના ટ્રસ્ટી મૌલેશભાઇ ઉકાણી સહિતના આગેવાનો તથા બહોળી સંખ્યામાં પાટીદાર સમાજના ભાઈઓ- બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### અનેક પરિવારોના માળા વેરણછેરણ કરી નાખનાર દૂષણને ડામવાના પ્રયાસો વચ્ચે ખળભળાટ મચાવતી ઘટના

# જીવલેણ વ્યાજંકવાદઃ રૂપિયા માટે હીરાઘસુને ક્રુરતાથી પતાવી દેવાયો

## યુવાનને બે શખ્સ રાતે ઘરેથી લઇ ગયાઃ પછી તળાવની જગ્યાએથી હત્યા કરાયેલી લાશ મળી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૩**

વ્યાજંકવાદને ડામવા સરકાર પોલીસ દર વર્ષે ખાસ ઝુબેશ ચલાવતી રહે છે અને અનેક વ્યાજખોરોને જેલભેગા પણ કરે છે. પરંતુ આ દૂષણ અટકતું નથી. વ્યાજ વસુલવા માટે વ્યાજખોરો કોઇપણ હદ સુધી જઇ શકે છે. તેની પ્રતિતી કરાવતો એક બનાવ સામે આવ્યો છે. જેમાં એક હીરાઘસુ પાસેથી વ્યાજ વસુલવા તેને રાતે ઘરેથી ઉઠાવી જવાયો હતો. સવારે આ યુવાનની તળાવની જગ્યામાંથી ક્રુર હત્યા કરાયેલી લાશ મળતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

વ્યાજખોરી અંતર્ગત બનેલી હત્યાની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ ભાવનગર શહેરના સાગવાડી વિસ્તારમાં બન્યો છે. અહિ રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા યુવકનો બોરતળાવ પાસેની ખુલ્લી જગ્યામાં હત્યા કરાયેલી હાલતે મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે પોલીસે તપાસ હાથ ધરતા યુવકની વ્યાજે લીધેલા પૈસાની લેતી-દેતી મામલે હત્યા થઈ હોવાનું ખુલ્યું હતું. બનાવ અંગે મૃતક યુવકના ભાઈએ નિલમબાગ પોલીસ મથકમાં બે શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યા કરનારા શખ્સોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ધંધા-રોજગારીના અભાવે ભાવનગર દિન-પ્રતિદિન આર્થિક રીતે ભાંગતુ જાય છે. શહેરની કરોડરજ્જૂ સમાન પ્લાસ્ટિક અને હીરા ઉદ્યોગ માં હાલ મંદી જોવા મળી રહી છે.

બીજી તરફ અલંગમાં પણ ભંગાણાર્થે આવતાં જહાજોની સંખ્યામાં કોઈ વધારો જોવા ન મળતાં અલંગ અને તેને આનુષંગિક ઉદ્યોગ-ધંધામાં પણ હાલ તેજીનો આશાવાદ જોવા મળતો નથી. સામાન્યતઃ સંજોગોમાં ભાવનગર શહેર અને જિલ્લામાં દિવાળી પછીના સપ્તાહથી હીરાના કારખાના શરૂ થઈ જતાં હોય છે પરંતુ, આ વખતે હજુ સુધી મોટભાગના કારખાના શરૂ થયા નથી, તેના કારણે રત્ન કલાકારોની માઠી બેઠી છે. એક તપફ, મંદીનો માર અને બીજી તરફ ઘર ચલાવવાના ફાફાંના કારણે હાલ તો રત્નકલાકારોની હાલત પડયા પર પાટું જેવી બની છે તેવામાં આજે બનેલાં હત્યાના બનાવે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જિલ્લામાં મંદી ઘેરી વળી હોવાનું સાબિત થઈ રહ્યું છે.

હત્યાની ઘટનાની વધુ વિગત જોઇએ




તો અરસામાં શહેરના કાળિયાબીડ નજીક બોરતળાવની ખુલ્લી અને અવાવરૂ જગ્યામાંથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતાં જ જિલ્લા પોલીસ વડા અને નિલમબાગ પોલીસ સ્ટેશન તથા એલસીબી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થલે દોડી ગયો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકની તિક્ષ્ણ હથિયારો વડે હત્યા થઈ હોવાની શક્યતા જણાઈ આવી હતી. જેના પગલે નિલમબાગ પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પેનલ પીએમ અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. અને તેની ઓળખની તજવીજ હાથ ધરી હતી. પોલીસની તપાસમા મૃતદેહ ભાવનગર શહેરના જુની દરબારી સાગવાડી પારીજાત સ્કુલવાળા ખાંચામાં રહેતા પ્રદિપભાઈ ઉર્ફે ઘુઘો ઝવેરભાઈ ડાભી નામના છત્રીસ વર્ષીય યુવકનો હોવાનું ખુલ્યું હતું.

આ યુવાન રત્નકલાકાર-હીરાઘસુ હતો. પૈસાની લેતીદેતી મામલે કરપીણ હત્યા કરવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં ખુલતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દરમિયાનમાં બનાવ અંગે મૃતક યુવકના નાના ભાઈ પરેશભાઈ ઝવેરભાઈ ડાભીએ હોસ્પિટલ આવી મૃતદેહની ઓળખ કરી હતી. જયારે, બનાવ અંગે પરેશભાઈએ નિલમબાગ પોલીસ મથકમાં વિશાલ ભગાભાઈ સોહલા (રહે.ભાંગલીગેટ, ભાવનગર) અને નિરવ દિનેશભાઈ સોહલા (રહે.ભાવનગર) વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે ફરિયાદીના મોટાભાઈ અને મૃતક યુવક એવા પ્રદિપભાઈ હીરા ઘસવાનું કામ કરતા હોય અને તેમને રૂપિયાની જરૂરિયાત ઉભી થતાં વિશાલ ભરવાડ પાસેથી વ્યાજે રૂપિયા લીધાં હતા.

જેથી વિશાલ અવારનવાર તેમના ઘરે તથા ઘર પાસે આવેલા પાનના ગલ્લા પાસે આવી તેમના ભાઈ પ્રદિપભાઈ પાસે વ્યાજે આપેલા રૂપિયાની ઉઘરાણી કરતો હતો. જેમાં -દિપભાઈ તેની સાથે વાતચીત કરી પરત આવી જતાં હતા. ઘણીવાર તેમના પિતા પણ વિશાલતથા નિરવને કહેતા કે હીરાના કારખાના ખુલે એટલે તમારા રૂપિયા ભરી આપીશુ પરંતુ આ વચ્ચે રાતે તેને બન્ને શખ્સો તેમના ઘરે આવ્યા હતા. જયાં મૃતક બન્ને શખ્સો સાથે તેમની બાઈક પર બેસીને બહાર ગયો હતો. ત્યાર બાદ સવારે તેમનો બોરતળાવ નજીક નિર્જન સ્થળેથી મૃતદેહ મળી આવ્યો હતો. જેથી ઉક્ત બન્ને શખ્સોએ વ્યાજે આપેલા પૈસાની ઉઘરાણી બાબતે દાઝ રાખી તિક્ષ્ણ હથિયારો વડે તેમના ભાઈની હત્યા કરી મૃતદેહને નિર્જન સ્થળે છોડી નાસી છૂટયા હતા. પોલીસે મૃતકના ભાઈની ફરિયાદના આધારે નિલમબાગ પોલીસે બન્ને હત્યારા વિરૂદ્ધ હત્યા સહિતની કલમ અન્વયે ગુન્હો નોંધી ગુનો નોંધ્યો હતો. પોલીસે બંને હત્યારાઓને હાથવગા કરી લઇ વિધીસર ધરપકડ કરવા તજવીજ કરી હતી. આ બનાવે ભારે ચકચાર જગાવી દીધી છે.

ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા માત્ર ઊર્જા સંરક્ષણ માટે રૂ. ૯ કરોડથી વધુનો કર્યો ખર્ચ

# આજે 'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ'

## આવનારી પેઢીના ભવિષ્યની જરૂરિયાતોને અનુલક્ષીને ઊર્જાનું સંરક્ષણ ખૂબ જરૂરી : વીજળીના કાર્યક્ષમ ઉપયોગથી વીજળીની બચત સાથે નાણાંનો પણ થશે બચાવ

રાજકોટ, તા.૧૩

આજે જીવનના દરેક ક્ષેત્રે વીજળીનું અપાર મહત્વ રહેલું છે. સમગ્ર વિશ્વમાં કાર્યરત ફેક્ટરીઓ, મશીનો, ઓટોમોબાઈલ, દવા, સિમેન્ટ જેવા વિવિધ ઉદ્યોગો ચલાવવા માટે ઊર્જા એ સૌથી મહત્વપૂર્ણ માધ્યમ છે. વિશ્વમાં દર વર્ષે વધતી જનસંખ્યા સાથે વિવિધ ઉદ્યોગોનો પણ વિકાસ થઈ રહ્યો છે, જેને ચલાવવા માટે દિન પ્રતિદિન ઊર્જાની માંગ વધી રહી છે. કોલસો, ઇંધણ, ક્રૂડ ઓઇલ, કુદરતી ગેસ જેવા વિવિધ સ્ત્રોત દ્વારા ઊર્જા ઉપલબ્ધ થાય છે, પરંતુ દિન-પ્રતિદિન આ સ્ત્રોતની માંગ વધતા કુદરતી સંસાધનોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આપણી આવનારી પેઢીના ભવિષ્યની જરૂરિયાતોને અનુલક્ષીને ઊર્જાનું સંરક્ષણ કરવું ખૂબ જરૂરી બની રહે છે. જે અંતર્ગત દેશમાં ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા ભારત સરકારના પાવર મંત્રાલય હેઠળની બંધારણીય સંસ્થા બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (બીઇઇ) દ્વારા દર વર્ષે ૧૪મી ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન વીજ કંપનીઓ દ્વારા ઊર્જા સંરક્ષણ અંગે લોક જાગૃતિ માટે અંદાજે રૂ. ૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન સેક્ટરમાં સંલગ્ન વીજ કંપનીઓની ઓફિસ બિલ્ડીંગોમાં ફાઈવ સ્ટાર રેટેડ એર કંડિશનર્સ, પાણીના મોટર પંપ સેટ, ઈકઉઈ પંખા, કઊઉ બલ્બ જેવા વિવિધ ઊર્જા-કાર્યક્ષમ સાધનો લગાવવા તથા અન્ય કામગીરી માટે અંદાજે રૂ. ૪ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વધુમાં રાજ્ય સરકાર દ્વારા ઊર્જાનું મહત્તમ સંરક્ષણ થાય તે માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે રૂ. ૨૪ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવશે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સુચારૂ વહીવટ માટે ગુજરાત વિદ્યુત બોર્ડનું તા.૦૧ એપ્રિલ ૨૦૦૫થી જુદી જુદી સાત કંપનીઓમાં વિભાજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વીજ ઉત્પાદનની કામગીરી માટે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ-ૠજીઊઈક, વીજ પ્રવાહનની કામગીરી માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ-ૠઊઝઈઘ, વીજ વિતરણની કામગીરી માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ-ઞૠટઈક, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ-ખૠટઈક, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ-ઉૠટઈક, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ-ઙૠટઈક તથા ઉપરોક્ત છ કંપનીઓની સંકલનની કામગીરી માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ-ૠઞટગક ની સ્થાપના કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શનમાં ઊર્જા વિભાગ દ્વારા ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે રાજ્યભરમાં ડિસેમ્બર માસમાં ઊર્જા સંરક્ષણ અને ઊર્જા કાર્યક્ષમતા અંગેની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત નાગરિકોને ઊર્જા-કાર્યક્ષમ ઉપકરણો અને ઊર્જા-બચત પદ્ધતિઓના ઉપયોગ અંગે માહિતગાર કરવામાં આવે છે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા સ્તરે રેલીઓ, પરિસંવાદો અને શેરી નાટકોનું આયોજન, ગ્રામસભાઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમો, એસટી બસો, ઓટો-રિક્ષાઓ, સ્થાનિક ટીવી, કેબલ, રેડિયો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ઊર્જા સંરક્ષણની જાહેરાત, શાળાઓ અને કોલેજોમાં ક્વિઝ, ડ્રોઈંગ અને સ્લોગન સ્પર્ધાઓ જેવી પ્રવૃત્તિઓ સાથે જાગૃતિ અભિયાન, રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક ઝોનમાં પ્રિન્ટેડ સામગ્રીનું વિતરણ, ઉદ્યાનો, બજારો, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન અને ૠઈઉઈ જેવા જાહેર વિસ્તારોમાં બેનરો, હોર્ડિંગ્સ અને ફ્લાયર્સ દ્વારા ઊર્જા સંરક્ષણ વિશે નાગરિકોને જાગૃત કરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ડિસેમ્બર માસમાં તમામ વીજ કંપનીઓ દ્વારા ગ્રાહકોને સક્રિય રીતે જોડવા તેમજ અસરકારક અને સ્માર્ટ વીજળીના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર મહિના દરમિયાન વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. જે અંતર્ગત ઊર્જા સંરક્ષણ માટે આ માસ દરમિયાન રેડિયો, સ્થાનિક ટીવી ચેનલ, અખબારો અને સોશિયલ મીડિયામાં જાહેરાતો દ્વારા વિવિધ માહિતી પ્રકાશિત કરવામાં આવી હતી. તે ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ ઔદ્યોગિક સંગઠનો, જાહેર પરિવહનના માધ્યમો, શેરી નાટકો, જાહેર મેળાવડાના વિસ્તારો અને મુખ્ય બજારો જેવા મુખ્ય સ્થળોએ હોર્ડિંગ્સ અને બેનર્સ તેમજ વૃક્ષારોપણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ થકી નાગરિકોને જાગૃત કરવામાં આવ્યા હતા, તેમ ઊર્જા વિભાગની યાદીમાં જણાવ્યું છે.




### વીજળી બચાવવા માટે આપણી ભૂમિકા

રાજ્ય સરકારના ઊર્જા વિભાગ દ્વારા સરકારની સાથે નાગરિકોએ પણ પૃથ્વી પરની અમૂલ્ય સંપત્તિ એવી ઊર્જાને બચાવવાના પ્રયાસોમાં સહભાગી થવા કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે. જેમ કે, મકાનમાં આછા રંગની દિવાલો અને ફર્નિચરનો ઉપયોગ કરવો, શક્ય હોય ત્યારે કુદરતી પ્રકાશનો ઉપયોગ કરવો, ઈમારતોની ડિઝાઇન એવી બનાવવી કે દરવાજા અને બારીઓ દ્વારા કુદરતી પ્રકાશ તેમજ હવાનો મહત્તમ ઉપયોગ થાય, સામાન્ય લાઈટિંગને બદલે ચોક્કસ જગ્યાએ ટાસ્ક લાઈટિંગનો ઉપયોગ કરવો, ISI માર્કા અને સ્ટાર રેટિંગવાળા ઉપકરણોનો ઉપયોગ, સૌર પેનલ્સ ઈન્સ્ટોલ કરી વીજ ગ્રાહક સાથે વીજ ઉત્પાદક બનવું, ઉપયોગ ન કરતા હોય ત્યારે લાઈટ અને ઉપકરણોને બંધ કરવાની સતત ટેવ રાખવી, પાણીને ગરમ કરવા માટે ઈલેક્ટ્રીક વોટર હીટરના બદલે સોલાર વોટર હીટરનો ઉપયોગ કરવો જોઈએ તથા નાગરિકોમાં પ્રોત્સાહન માટે તમારા દ્વારા કરવામાં આવેલી ઊર્જા બચતની માહિતી કુટુંબીજનો, મિત્રો અને પડોશીઓ સાથે શેર કરવી જોઈએ.

ખાનગી કંપનીના અધિકારીએ વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી આંબાઆંબલી દેખાડાયા અને ફસાવી લેવાયા

# ક્રિપ્ટોમાં કમાણીની લાલચમાં વાઈસ પ્રેસિડેન્ટે ગુમાવ્યા ૧૮ લાખ

## કુલ અઠ્ઠાવીસ લાખ એકોતેર હજાર ભરાવ્યા, તેમાંથી નવ લાખ એક્યાસી હજાર પાછા દીધાઃ બાકીના ખાઇ ગયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૩**

ક્રિપ્ટો અને શેરબજારના નામે ઓછા રોકાણમાં વધુ નફો આપવાના મેસેજ મોકલી બાદમાં અલગ અલગ ગ્રુપમાં એડ કરી રોકાણ પર શરૂઆતમાં નફો આપી બાદમાં મસમોટો નફો જે તે રોકાણ કરનારના એકાઉન્ટમાં બતાવી છેલ્લે લાખો કરોડો ઉસેડી લેવાની ઘટનાઓમાં વધુ એક કંપનીના વાઇસ પ્રેસિડેન્ટ છેતરાઇ ગયા છે. તેમને વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી ક્રિપ્ટોમાં ઓછા રોકાણે વધુ નફો મળશે તેવી લાલચ આપી સાયબર ગઠીયાએ અઢાર લાખનો ચૂનો લગાવી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના વડોદરા નજીક બિલ ગામ પાસે આવેલી સોસાયટીમાં રહેતા ખાનગી કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ સાથે બની છે. તેમને ક્રિપ્ટોમાં રોકાણ કરવાની લાલચ આપીને ૨૮.૦૧ લાખ રૂપિયા પડાવ્યા હતા. આધેડનો વિશ્વાસ કેળવવા માટે શરૂઆતમાં રૂપિયા ૯.૮૧ લાખ રૂપિયા પરત આપ્યા હતા. જ્યારે બાકીના ૧૮.૯૦ લાખ અત્યાર સુધી પરત નહીં કરી તેમની સાથે ઠગાઈ કરવામાં આવી હોય તેઓએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બિલ ગામ પાસે આવેલ સોસાયટીમાં રહેતા અને ખાનગી કંપનીના વાઇસ પ્રેસિડેન્ટ એ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત ૧૨ ફેબ્રુઆરીના રોજ હું મારા ઘરે હતો ત્યારે સામેથી મારા મોબાઈલ નંબરના વોટ્સએપ ઉપર એક એજાણ્યા નંબર ઉપરથી મેસેજ આવ્યો હતો અને તેમા મને શેર માર્કેટ લગતી ટિપ્સ આપવામા આવતી હતી.

આ નંબર સાથે સતત બે મહિના સુધી તેઓના ક્લાઈન્ટને થયેલા પ્રોફિટના ફોટા મોલતા હતા અને


ખાનગી કંપનીના વાઇસ પ્રેસિડેન્ટ સાયબર ફ્રોડના શિકાર બન્યોવ્હોટ્સએપ ગ્રુપમાં ક્રિપ્ટોમાં ઓછા રોકાણે સારો નફો મેળવવાનો મેસેજ આવ્યો, લાલચમાં આવીને રોકાણ કરતાં સાયબર ઠગે ૧૮ લાખ પડાવ્યા

મને જણાવેલ કે, તમે અમારા વોટ્સએપ ગ્રુપમાં એડ થઈ જાવ તમને ક્રીપ્ટોમા ઓછું રોકાણ કરી સારો એવો નફો મળે તેવી ટીપ્સ આપવામાં આવશે. તેઓના વ્હોટ્સએ પગ્રુપમાં ટ્રેડિંગ કરીને સારુ વળતર કમાઈ શક્શો એવા મેસેજ આવતા હતા, તે ગ્રુપમાં એડ કર્યો હતો. જેમાં અલગ-અલગ લોકો તેમને થયેલા પ્રોફિટના સ્ક્રિનશોર્ટ ગ્રુપમાં મૂકતા હતા અને મે તેમા આશરે ૧૩-૧૪ દિવસ સુધી તેઓના મેસેજ અને -ોફિટના સ્ક્રીનશોટ જોતા મને લાગ્યુ કે, તેઓના કહેવા મુજબ ટ્રેડીંગ કરાય. જેથી તેઓના ગ્રુપમા મેસેજ કરેલ કે મારે ક્રિપ્ટોમા ટ્રેડીંગ કરવુ છે એવો મેસેજ કરતા મને તેઓના વ્હોટ્સએપ ઉપરથી તેઓની ટ્રેડીગ પ્લેટફોર્મ માટેની લિંક મોકલેલ હતી.

લિંક ઓપન કરી રજીસ્ટ્રેશન કર્યા બાદ મને લોગીન અને પાસવર્ડ આપ્યા હતા અને અમારા પ્લેટફોર્મ ઉપરથી ટેડિંગ કરીને ટ્રેડિંગ કરીને સારો પ્રોફિટ કરી શકો છો. ઉપરાંત અમારા પ્લેટફોર્મ ઉપર જેમ-જેમ ટ્રેડીંગ કરતા જશો તેમ-તેમ તમને પ્રોફીટ થતો રહેશે. ત્યારબાદ મેનેજર દ્વારા મને ટ્રેડીંગ પ્લેટફોર્મ માં રૂપિયા ભરવા જણાવી અને તેઓના બેંક એકાઉંટ આપેલ હતા અને શોર્ટ ટર્મ ટ્રેડીગ કરાવતા મે તેઓના બેંક એકાઉટમા ટ્રેડિંગ કરવાના બહાને રૂ.૨૮.૭૧ લાખ ભરાવડાવ્યા હતા. મને વિશ્વાસમાં લેવા માટે મારા શરૂઆતમાં બેંક ખાતામાં રૂ.૯.૮૧ લાખ ઉપાડી આપ્યા હતા જ્યારે બાકી નીકળતા રૂ.૧૮.૯૦ લાખ પરત નહી કરી મારી સાથે છેતરપીંડી આચરવામા આવી છે. સાયબર ક્રાઈમ પોલીસે તેમની ફરિયાદના આધારે ભેજાબાજોની શોધખોળ હાથ હાથ ધરવામાં આવી છે. આમ લાલચ આપી વધુ એક શિકાર ગઠીયાઓ કરી ગયા છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ભિક્ષા વ્યવસાય

## લોકોમાં રહેલા દયાભાવનો ગેર ઉપયોગ, ભિખારીને મોજે દરિયા



રાજકોટમાં નમુનારૂપ સ્માર્ટસિટીનું નિર્માણ થઈ રહ્યું છે. આ નિર્માણમાં મુખ્યપ્રધાન ખુદ રસ લઈ રહ્યા છે. ભવ્ય સુવિધા સાથે નિર્માણ થતા આદર્શ સ્માર્ટ સિટીનો મુખ્ય ઉદ્દેશ લોકોના જીવન ધોરણ ઊંચા લાવવાનો હોય છે. સમાજમાં લોકજાગૃતિ અને લોક શિક્ષણના અભાવે સમાજ જીવન વિચિત્ર બની ગયું છે.

જીવનમાં સારા, ખરાબ દિવસો આવતા હોય છે. વિપરીત સંજોગોમાં સંઘર્ષ કરીને આગળ ધપવાનું હોય છે. તમામ માર્ગો બંધ થઈ જાય ત્યારે અંતિમ માર્ગ સ્વમાન મૂકીને લાચાર બનીને ભીખ માગવી પડે છે. આ સૌથી ખરાબ સ્થિતિ ગણાય. જો કે વિચિત્ર સમાજ જીવનમાં સાવ નિમ્ન માર્ગને મોટો વ્યવસાય બનાવી દેવાયો છે.

જેની ઉપર દયાભાવ રાખીને ભિક્ષા આપવામાં આવે છે એ ભિખારીઓ પાસે અધધ જાહોજહાલી હોવાનું ઘણી વખત જાહેર થાય છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં મહિલા બાળ વિકાસ વિભાગે મસ્તીનો પ્રયોગ કર્યો છે. અચાનક કાર્યવાહી કરીને ૧૪ ભિખારીઓને પકડીને તેના જીવન ધોરણનો અભ્યાસ કર્યો હતો. મોટાભાગના ભિખારી પાસે નોંધપાત્ર રકમ હતી. મધ્યમ કક્ષાના વ્યાપારીને ઈર્ષા થાય તેટલી રોજની આવક ભિખારી વગર મૂડી રોકાણે મેળવી લે છે.

૧૪માંથી એક મહિલા ભિખારી તો લાખોપતિ નીકળી. ફાટેલી, તૂટેલી સાડીમાં આ મહિલા પાસેથી ૭૫ હજાર રૂપિયા રોકડા મળ્યા. આ મહિલા ભિક્ષા દ્વારા રૂપિયા ચાર લાખથી વધારે આવક રળી લે છે, તેમણે ફ્લેટ ભાડે રાખ્યો છે અને પોતે ગરીબ દેખાવવા ઝૂંપડામાં રહે છે.


બે પાંચ રૂપિયાની ભિક્ષા આપનારા નાના નાના દાતાઓ કરતા ભિખારીઓ આર્થિક રીતે વધારે સુખી હોય છે. ભારતીય પરંપરામાં દાનનું મહત્વ ખૂબ છે, પરંતુ મોટાભાગે દાનનો ગેર ઉપયોગ થાય છે. લોકો કામ કરવાને બદલે દાનની આવકથી સમૃદ્ધિ મેળવવા લાગ્યા છે.

ઈન્દોર જેવો પ્રયોગ રાજકોટમાં પણ થવો જરૂરી છે. રાજકોટના દરેક વિસ્તારોમાં ભિખારીઓ છવાયેલા છે, લોકો તેમને શક્તિ પ્રમાણે મદદ પણ કરે છે. આ ભિખારીઓની સ્થિતિ વાસ્તવમાં લાચાર છે કે ભિક્ષા ને વ્યવસાય પ્રવૃત્તિ તરીકે સ્વીકારી લેવાય છે ? આ મુદ્દે તપાસ થવી જોઈએ.

રાજકોટમાં સેવાભાવી સંસ્થાઓનો પાર નથી. ભોજન, આવાસ, આરોગ્ય સેવાથી માંડીને વિવિધ સેવાઓ નીઃશુલ્ક ઉપલબ્ધ છે. આ વિષયના સરકારી તંત્ર પણ ધમધમે છે. આટલી સેવા, સુવિધા હોવા છતાં રાજકોટમાં વ્યાપક પ્રમાણમાં ભિક્ષા પ્રવૃત્તિ ચાલે છે, જે ચિંતનનો વિષય છે.

જાણકારો કહે છે કે ભિક્ષા પ્રવૃત્તિ ઘણાને ફાવી ગઈ છે. તેમાં ધમધોકાર આવક છે, લાચાર સ્થિતિના કારણે નહીં પણ મોટાભાગે વ્યવસાયી પ્રવૃત્તિ તરીકે ભિક્ષા માંગવામાં આવે છે. ભિક્ષા જગતમાં અમુક સ્થાનો પર ઉભા રહેવાના ઉંચા ભાવ બોલાય છે.


આ સ્થિતિ વિચિત્ર સમાજ જીવનનું દર્શન કરાવે છે. ભિક્ષા આપતા પૂર્વે ચેતવા જેવું છે. લોકોના દયાભાવનો ગેરલાભ ખુલ્લેઆમ લેવાઈ રહ્યો છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ચિંતા...બાંગ્લાદેશમાં હિન્દુઓની સલામતીનું શું?

**બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલા વધી રહ્યા છે. ભારત સરકાર કેમ કાઈ કરતી નથી? એવો સવાલ તો થાય જ, સાધુ સંતો અને સંઘ પરિવાર ઈચ્છે છે કે, સરકાર કૈક પગલા લે. મમતા બેનર્જીએ પણ આ મુદ્દો ઉઠાવ્યો છે. તો ભારત સરકારનો વ્યૂહ શું છે?**







ખબર ની KHABAR



કૌશિક મહેતા

બંગલાદેશમાં શેખ હસીનાની સરકારનું પતન થયું અને એ પછી ત્યાં જે સ્થિતિ સર્જાઈ છે એ ભારત માટે અતિ ચિંતાજનક છે. બંગ્લાદેશમાં રહેતા હિંદુઓ લઘુમતીમાં છે અને એમના પર સતત હુમલાઓ થઈ રહ્યા છે. આ હુમલા ક્યારે અટકશે અને બંગ્લાદેશમાં શાંતિ ક્યારે સ્થપાશે એની કોઈ ગેરેન્ટી આપી શકે એમ નથી. આ મુદે ભારતનું સ્ટેન્ડ શું છે અને એ શું કરવા માગે છે એ પ્રશ્ન બહુ મહત્વનો છે કારણ કે, ભારતમાં આ મુદે પ્રદર્શનો થયા છે અને આરએસએસથી માંડી મમતા બેનર્જી સુધી ચિંતા વ્યક્ત થઇ છે અને કેન્દ્ર સરકાર કોઈ પગલા લે એવી માગણીઓ થઇ છે.

૧૯૭૧માં ભારતે યુદ્ધ કરીને બાંગ્લાદેશને આઝાદ કર્યું એ મોટું પરાક્રમ હતું. અને એમ લાગતું હતું કે, હવે બધું બરાબર ચાલશે. પણ થોડા જ વર્ષોમાં સમસ્યા શરૂ થઈ. બાંગ્લાદેશમાં બે મુખ્ય પક્ષો છે, અવામી લીગ અને બીએનપી. અને એમની સત્તા પર આવન જાવન રહી છે. પણ શેખ હસીના લાંબો સમય સત્તામાં રહ્યા. અને હિંદુઓને સલામતી હતી. મોટાભાગના હિંદુઓ અવામી લીગ સાથે રહ્યા છે. પણ ૧૯૮૦નાં દાયકાથી બાંગ્લાદેશમાં હિંદુઓની સમસ્યા શરૂ થઈ હતી. ૧૯૮૦માં બાંગ્લાદેશનાં બંધારણમાં બિસ્મિલ્લાહ ઉર રહમાન ઉર રહીમ....નું ઉમેરણ થયું અને આ દેશ ઈસ્લામિક દેશ જાહેર થયો. એ પછી ત્યાના હિંદુઓ સેકન્ડ સીટીઝન બની ગયા. અને હિંદુઓ પર અનેકવાર હુમલા થયા છે. થતા રહ્યા છે અને હિન્દુઓનું પલાયન પણ થતું રહ્યું છે.

બાંગ્લાદેશનું સર્જન થયું ત્યારે હિદુઓની સંખ્યા ૨૨ ટકા હતી આજે એ ઘટીને ૮ ટકા થઇ ગઈ છે. એટલે હિન્દુઓની સંખ્યા સતત ઘટી રહી છે. અને બાંગ્લાદેશ આઝાદ થયો ત્યારે મોટી સંખ્યામાં હિંદુઓ સરહદેથી ભારતમાં આવ્યા અને એ શરણાર્થીઓમાંથી મોટાભાગના લોકો પાછા ના ગયા ને એ કારણે બાંગ્લાદેશમાં હિન્દુઓની સંખ્યા ઘટતી ચાલી. ભારત સરકારે આ મુદે કોઈ પગલા લીધા હોય એવી માહિતી નથી.

શેખ હસીના હિદ્નુઓનાં સમર્થક છે એવું લાગતું રહ્યું છે. પણ એમણે સતામાં આવ્યા બાદ ભ્રષ્ટાચાર બેફામ કર્યો. અને આખરે બાંગ્લાદેશનાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા , એમણે અનામતનો વિરોધ કર્યો અને આખરે શેખ હસીનાએ દેશ છોડવો પડ્યો અને ભારતમાં શરણું લીધું. ગયા ઓગસ્ટ માસથી એ ભારતમાં છે. બીજા કોઈ દેશમાં હસીનાને આશ્રય મળ્યો નથી અને ભારત ક્યાં સુધી એને આશ્રય આપશે એ પણ નક્કી નથી. બીજી બાજુ, બાંગ્લાદેશની વચગાળાની સરકારે હસીના સામે ભ્રષ્ટાચારના કેસ દાખલ કર્યા છે અને પાસપોર્ટ રદ કર્યો છે. એ હસીનાને ભારત સોંપી દે એવું ઈચ્છે છે પણ ભારત એવું કરવાનો નથી.

મોહમ્મદ યુનુસની વચગાળાની સરકાર છે અને ત્રણ મહિનામાં ચૂંટણી થશે એવું વચન અપાયેલું એ નીભાવાયું નથી અને સ્થિતિ બગડતી ચાલી છે. મોહમંદ યુનુસ એની નોબેલીયર તરીકેની પ્રતિષ્ઠા ગુમાવી ચુક્યા છે. એ પાક્સિતાન સાથે વાતચીત કરે છે એ આપણા માટે ચિંતાજનક છે. અમેરિકાએ એનું વલણ સ્પષ્ટ કર્યું નથી.

આ સ્થિતિમાં ભારત માટે આ પ્રશ્ન કઈ રીતે ઉકેલવો એ પડકાર બની ગયો છે. બંગ્લાદેશમા અત્યાર સુધીમાં દસેક હજાર નાના મોટા હુમલા થયા છે. હિંદુ ધર્મસ્થાનો પર ૭૦ હુમલા થયા છે. તોડફોડ થઈ છે અને હિંસા હજુ અટકી નથી. એ સામે ભારતભરમાં વિરોધ પ્રદર્શન થયા છે. સાધુ સંતોએ પણ હિદ્નુઓ પરના હુમલા અટકે એવી માગણી કરી છે. આરએસએસ દ્વારા તો સરકારને સલાહ અપાઈ છે કે, હવે કોઈ આકરા પગલા લેવાની વેળા આવી ગઈ છે. ત્રીજું નેત્ર ખોલવાની જરૂર છે.

મહત્વનો સવાલ એ છે કે, ભારત પાસે ક્યા વિકલ્પ છે. બાંગ્લાદેશ સાથે ભારતની સમસ્યા એક નહિ અનેક છે. બંગ્લાદેશથી ઘુસણખોરી તો થાય જ છે. ડ્રગ્સ અને શસ્ત્રોની હેરાફેરી પણ મોટાપાયે થાય છે. એ અટકતું નથી અને એ ભારત માટે માથાનો દુઃખાવો છે. બીજું કે, બાંગ્લાદેશમાં હુમલા થયા એટલે હિંદુઓ સલામતી માટે સરહદ તરફ આવ્યા અને એ ભારતમાં ના ઘૂસે એ માટે ભારતે બંગાળ, આસામ અને ત્રિપુરાની સરહદે બંદોબસ્ત વધુ ચુસ્ત બનાવવો પડ્યો છે. લશ્કરે પણ આ સરહદ અત્યારે જોખમી બતાવી છે.

આ સ્થિતિમાં ભારતે શું બાંગ્લાદેશ સામે આકરા પગલા લેવાની જરૂર છે. સાધુ સંતો અને આરઆરએસ તો એવું ચાહે છે. એમાં મમતા બેનર્જીએ નિવેદન આપી તકનો લાભ લેવાનો પ્રયત્ન જરૂરો કર્યો છે. એના પર મુસ્લિમ સમર્થકનું લેબલ ભાજપે જ લગાવ્યું છે પણ બાંગ્લાદેશનાં હિંદુઓની તરફેણ કરી ભાજપ માટે સવાલની સ્થિતિ સર્જી છે. તો ભારતે બાંગ્લાદેશ પાસે વિરોધ તો જરૂર કર્યો છે. અને યુનુસ સરકાર પણ કહે છે કે, હિંદુઓની સલામતી માટે બધું થશે. પણ થતું કાઈ નથી. તો ભારત શેની રાહ જુએ છે.

કદાચ ભારત લોઢું બરાબર ગરમ થાય એની રાહ જુએ છે. કદાચ ભારત અમેરિકામાં ટ્રમ્પ શાસન શરૂ થાય એની રાહ જુએ છે. ટ્રમ્પ સાથે મોદીના સારા સબંધો છે અને એ સત્તા પર આવે પછી બાંગ્લાદેશમાં સાફસૂફી થાય શું એવું મોદી ઈચ્છે છે? ટ્રમ્પ માથાફરેલ શાસક છે અને એ શું કરે એ કહેવું મુશ્કેલ છે. બાંગ્લાદેશમાં સ્થિતિ ચરમસીમાએ પહોચે એની કદાચ ભારત રાહુ જુએ છે. અને ત્યારે કોઈ એક્શન થાય તો એનું માઈલેજ પણ વધુ લઈ શકાય. શું મોદી સરકાર આ રીતે આગળ વધી રહી છે? ઉપરાંત મોદી સરકાર એવું પણ ઈચ્છે છે કે, હિંદુઓ બાંગ્લાદેશમાં રહી વિરોધ કરે અને એ વિરોધ થઈ રહ્યો છે. બાંગ્લાદેશમાં કદાચ પહેલીવાર હિંદુઓનો વિરોધ થયો છે અને ભારતમાં તો થઈ જ રહ્યો છે. હિંદુ મુસ્લિમ મુદો આમે ય સંવેદનશીલ રહ્યો છે અને એનો ફાયદો ભાજપને થતો આવ્યો છે. ત્યાના હિંદુઓ ભારતમાં નાં આવે , કારણ કે, એ આવે તો ભારતની જવાબદારી બની શકે છે. આ બધું ના બને એટલે મોદી સરકાર રાહ જોઈ રહી છે? પણ ત્યાં સુધી હિંદુઓ પરના હુમલા ન અટક્યા તો શું? આ સવાલનો જવાબ જરા ઝડપથી મલકે એ ઈચ્છનીય છે.

**રાજ્યમાં રોજબરોજ વધી રહેલી દૂષ્કર્મ-છેડતની ઘટનાઓથી ચિંતાનો માહોલ: વધુ એક કિસ્સો બન્યો**

# હવસખોરે હદ વટાવીઃ માનસિક અસ્વસ્થ બાળા સાથે દૂષ્કર્મ


## અરબાઝ નામના શખ્સે પૈસા વાપરવા આપવાની લાલચ દઈ ભોગ બનાવીઃ માથે જતાં ધમકી પણ આપી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા. ૧૩**

દુષ્કર્મની વધુ એક ઘટના સામે આવી છે. અલગ અલગ લાલચો આપીને સગીરાઓ, બાળાઓ, યુવતિઓને ફસાવવાના કિસ્સા રોજીંદા થઇ ગયા છે. આવા એક બનાવમાં એક માનસિક અસ્વસ્થ સગીરાને પૈસા વાપરાવાની લાલચ આપી હવસખોરે તેણી સાથે દૂષ્કર્મ આચરી લીધુ હતું અને માથે જતાં મારી નાખવાની ધમકી આપી હતી. આ કિસ્સામાં પોલીસે વિધર્મી શખ્સ સામે ગુનો નોંધી તેને કાયદાનું ભાન કરાવવા શોધી કાઢવા દોડધામ શરૂ કરી છે.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો લિંબાયત વિસ્તારમાં માનસિક અસ્થિર કિશોરી સાથે દુષ્કર્મના કિસ્સાએ લોકોમાં આઘાત ફેલાવ્યો છે. આરોપી મુસ્તાક ઉર્ફે અરબાઝ કિશોરીને પૈસાની લાલચ આપીને પોતાના સાથે લઈ ગયો હતો અને તેણી સાથે દુષ્કર્મ આચર્યુ. કિશોરીને જાનથી મારી નાખવાની ધમકી આપીને આરોપી ફરાર થઈ ગયો છે. વધુ માહિતી અનુસાર લિંબાયત કાંતિનગરમાં રહેતો મુસ્તાક ઉર્ફે અરબાઝ સ્થાનિક માનસિક અસ્થિર કિશોરીને પૈસા આપવાની લાલચ આપીને પોતાના જાળમાં ફસાવી હતી. કિશોરી સારા-નરસાનું ભાન ન રાખતી હોવાનો ગેરલાભ ઉઠાવી આરોપીએ તેણીને પોતાના સાથે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું.

આ ઘટનાની જાણ પરિવારને થતા તેમણે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસને મળેલી ફરિયાદના આધારે અપહરણ, પોક્સો એક્ટ અને દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધાયો છે. દુષ્કર્મ આચર્યા બાદ અરબાઝ ઘટનાસ્થળ પરથી નાસી છૂટ્યો છે. ડીસીપી ભગીરથ ગઢવીના માર્ગદર્શન હેઠળ પોલીસ તપાસ કરી રહી છે અને આરોપીની શોધખોળ માટે અનેક ટીમો ગોઠવાઈ છે. રાજ્યભરમાં આ પ્રકારની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે.




**દૂષ્કર્મના એક કિસ્સામાં અદાલતનો દાખલારૂપ ચુકાદોઃ સાત વર્ષની બાળાને અડપલા કરનાર ૬૯ વર્ષના ડોસાને સાત વર્ષની સજા**

રોજબરોજ કોઇને કોઇ ગામ કે શહેરમાં અપહરણ, બળાત્કાર, છેડતી, પજવણીના કિસ્સા સામે આવતાં રહે છે. હવસખોરો સામે પોલીસ આકરામાં આકરી કલમો હેઠળ કાર્યવાહી કરે છે. આમ છતાં આવા બનાવો અટકતાં નથી તે ચિંતાજનક બાબત છે.

અનેક કિસ્સાઓમાં તો સોશિયલ મિડીયાનો ઉપયોગ કરી મિત્રતા, પ્રેમના નામે જે તે બાળા સગીરાઓને હવસખોરો લેભાગુઓ શિકાર બનાવી લેતાં હોય છે અને બાદમાં તેણીનું સર્વસ્વ લુંટી લેતાં હોય છે. અમુક બનાવોમાં તો શારીરિક ઉપરાંત આર્થિક શોષણ પણ થાય છે. ફોટો વિડીયોને આધારે બ્લેકમેઈલીંગ કરી નાણા પણ પડાવી લેવામાં આવતાં હોવાના અનેક કિસ્સા અગાઉ સામે આવી ચુક્યા છે. ત્યારે આવા લેભાગુઓથી બચવા સજાગ રહેવું જાગૃત રહેવું દરેક માટે ખુબ જરૂરી બની ગયું છે.

બીજી તરફ દૂષ્કર્મના એક કિસ્સામાં અદાલતે દાખલારૂપ ચુકાદો આપ્યો છે. જેમાં ૯ વર્ષની બાળકી સાથે અડપલાં કરનાર ૬૯ વર્ષીય આરોપીને ૭ વર્ષની સજા ફટકારવામાં આવી છે. લીંબાયત પોલીસ મથકમાં નોંધાયેલા ૯ વર્ષની બાળકી સાથે અડપલાંના ચોંકાવનારા કેસમાં ૬૯ વર્ષીય દતુ નામેદવ ભામરેને સુરત કોર્ટે સાત વર્ષની સખત સજાનો હુકમ કર્યો છે. આ સાથે જ બાળકીના વળતર માટે આરોપીને એક લાખ રૂપિયાનું નુકસાની ભોગવવા આદેશ કર્યો છે. આ ઘટના ૨૮ જૂન, ૨૦૨૩ના રોજ બની હતી, જ્યારે આરોપીએ ટીવી જોવાના બહાને બાળકીને ઘરમાં બોલાવી તેની સાથે અશ્લીલ વર્તન કરવાનો પ્રયાસ કર્યો હતો. બાળકીના માતા ઝડપથી સ્થળ પર પહોંચતાં બાળકીને ગંભીર કૃત્યમાંથી બચાવી શક્યા હતા.

આ ઘટનામાં ફરિયાદી માતા ઘટનાના દિવસે ઘરે આરામ કરી રહ્યા હતા, જ્યારે બાળકી અને તેના ભાઈ ઘરના બહાર રમતા હતા. આ દરમિયાન, નજીક રહેતા દતુ ભામરેએ બંને બાળકોને ટીવી જોવા માટ ઘરમાં બોલાવ્યા. બાદમાં, આરોપીએ બાળકી સાથે તેના રૂમમાં જઈ તેનું શોષણ કરવાનો પ્રયાસ કર્યો. જ્યારે માતાએ બાળકોને શોધવા શરૂઆત કરી, ત્યારે એક સાહેદે માહિતી આપી કે બંને બાળકો ભામરેએના ઘરમાં છે. માતાએ તાત્કાલિક તેના ઘરે પહોંચી દરવાજા ખખડાવ્યા. અનેક પ્રયાસો બાદ દરવાજો ખૂલી ગયો, જ્યાં ભામરે શર્ટ વગર અને બાળકી અર્ધનગ્ન હાલતમાં જોવા મળી. કોર્ટના નિર્ણયમાં આરોપીને કડક સજાનો હુકમ આપતાં જણાવ્યું કે, ૬૯ વર્ષનો પાકટ પરૂષ ૯ વર્ષની માસુમ બાળકીના શોષણનો પ્રયાસ કરે તે અત્યંત શરમજનક અને દંડનીય છે, સાથે જ ભોગ બનનાર બાળકીના આઘાત માટે વળતર રૂપે રૂપિયા એક લાખ ચૂકવવાનો આદેશ અપાયો હતો.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## વાંચન વિશેષ

## ચાલો જાણીએ આર્દ્રા નક્ષત્રમાં ભગવાન શિવનાં શિવલિંગ સ્વપનનું મહાત્મ્ય શું છે!



તા ૧૬/૧૨ ૨૦૨૪ નાં રોજ એક એવો સંયોગ થશે કે જે દરેક હિન્દુ સનાતની માટે બહુ મહત્વની ઘટનાની યાદ અપાવશે, અને આ દિવસે શું કામ ભગવાન શિવને આરાધવા જોઈએ! એ પણ સમજવા જેવો મુદ્દો છે. માગશર માસનું આર્દ્રા નક્ષત્ર તા ૧૬ ૧૨ નાં બેસે છે અને એક પૌરાણિક કથા અનુસાર ભગવાન શંકર એ દિવસે બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લીંગ સ્વરૂપે પ્રગટ થયા હતાં, અને પોતાના સુક્ષ્મ લીંગ સ્વરૂપે પણ પોતે અનંત છે, એ સત્ય સમજાવ્યું હતું અને ત્યારે બ્રહ્મા અને વિષ્ણુ એ સૌ પ્રથમ વખત ભગવાન શંકરની લિંગ સ્વરૂપે પૂજા કરી હતી.

શિવપુરાણ અને લિંગ પુરાણની પૌરાણિક કથા અનુસાર એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા માં બે માંથી કોણ મહાન એ બાબત ચર્ચા થઈ, અને બ્રહ્મા એ કહ્યું કે પોતે સચરાચર જીવ સૃષ્ટિની રચના કરી અને એટલે પોતે મહાન છે! જ્યારે ભગવાન વિષ્ણુ એ કહ્યું કે મેં એ જીવ સૃષ્ટિનું ભરણ પોષણ કે લાલન પાલન કર્યું માટે હું મહાન! અને બંને પોતાના મત પર અડગ હતાં ત્યાં એમની સામે ભગવાન શંકર એક નાનકડા બિંદુ સ્વરૂપે પ્રગટ થયા, અને એને સ્પર્શ કરતા જ એ મોટું થવા લાગ્યું. ભગવાન વિષ્ણુ કે ભગવાન બ્રહ્મા જાણતા નહોતા કે શું છે? અને કંઈ શક્તિ ને કારણે વૃદ્ધિ પામે છે? એટલે બ્રહ્મા ઉપરની તરફ ગયા અને ભગવાન વિષ્ણુ નીચેની તરફ ગયા પણ આદિ અનંતનો છેડો કેમ મળે! અને બંનેને પોતાની ભૂલ અને ભગવાન શિવ શંકરની મહત્તા સમજાઈ ગઈ! બન્ને વીલામોંઢે પાછા ફર્યા. ત્યારે એ જયોતિર્લિંગમાંથી સદાશિવ પ્રગટયા. બ્રહ્મા-વિષ્ણુનો ગર્વ દૂર થયો. બ્રહ્મતત્વ શિવ તો આદિ-અંત-રહિત અનંત છે, અગમ્ય છે. યુગો યુગોથી દેવો પણ એનું રહસ્ય પામી શકતા નથી. કારણકે સૃષ્ટિને સંતુલનમાં રાખવા માટે સર્જન કે ભરણપોષણ કરતાં પણ મહત્વનું વિસર્જન છે! યોગ્ય સમયે આ ક્રિયા ન થાય તો સૃષ્ટિનું સંતુલન ખોરવાય જાય. પહેલાંનાં પ્રમાણમાં કુદરતી કે કૃત્રિમ દુર્ઘટના વધવાનું એક કારણ આ પણ છે! જેમકે વારંવારના ધરતી કંપ કે વાવાઝોડું સુનામી અને વારંવાર બસ ખાઈમાં પડી જવું, ટ્રેન પાટા પરથી ઉથલી જવી કે આગ લાગવી આ બધું જ એટલે કે રોજ કેટલાય જીવનો જન્મ થાય છે! એ બધાં જ જીવે તો કેટલું અસંતુલન થાય માટે એ દરેકની પોતાની નિયતી અનુસાર આ વિસર્જન ક્રિયાને આવરી લેવામાં આવી છે, અને એટલે જ મૃત્યુ થી બચવા ભગવાન શંકરની આરાધના વધુ થાય છે.

ભગવાન શિવ શંકર તો તત્વતઃ મૂળ સ્વરૂપે નિરંજન-નિરાકાર પરબ્રહ્મ છે. 'શિવલિંગ' એ નિરાકાર પરમાત્માની એક અનન્ય ઓળખની નિશાની છે. આપણાં ઉપનિષદોમાં સૃષ્ટિના સર્જક પરબ્રહ્મને 'પૂર્ણ' કે 'શૂન્ય' સ્વરૂપ કહ્યા છે : ઓમ પૂર્ણમદઃ પૂર્ણમિદમ્... ગોળાકાર-પૂર્ણાકાર સૂક્ષ્મ પરમાત્મામાંથી સૃષ્ટિનું સર્જન થાય છે. આ પૂર્ણ કે શૂન્યનો સૂક્ષ્મ આકાર એટલે 'લિંગ'. લિંગ એટલે એક નાનકડું ચહિન કે બિંદુ. જે બિંદુ એ વિસ્તરે તો બિંદુમાંથી રેખા વિસ્તરે, કે કોઈ પણ અંકની આગળ પૂર્ણનાં ચહિન મૂક્યા કરીએ, તો આંકડો વધ્યા કરે, તેમ લિંગાકાર બિંદુસ્વરૂપનું કે શિવલિંગ સ્વરૂપનું સુક્ષ્મ ચિંતન કરીએ તો આ જ રીતે પરબ્રહ્મમાંથી સૃષ્ટિના, કે બ્રહ્માંડના તાણાવાણા રચાય છે, એ સત્ય સમજાય છે. શૂન્ય કે રિક્ત અથવા શૂન્યાવકાશમાં શિવલિંગ સ્વરૂપ શિવ અને તેમની દેવીશક્તિના સંયોગથી સૃષ્ટિ સર્જાય છે. 'કંકરમાં શંકર' એટલે ભગવાન શંકરનું શિવ લીંગ! કે જેનાં દર્શન માત્રથી જીવન ધન્ય થઈ જાય છે. સનાતન ધર્મની આ જ લાક્ષણિકતા છે કે પ્રકૃતિ જન્ય પદાર્થ નાં સંવર્ધન માટે એમાં ઈશ્વરનો નિવાસની પ્રણાલી ઉભી કરે. પણ મનુષ્ય પોતાના સંરક્ષણ અને સંવર્ધન માં પ્રકૃતિ નું સંવર્ધન ભૂલી ગયો અને એટલે જ વિસર્જન માટે કુદરતી કે કૃત્રિમ આપત્તિ રૂપે ધીમો પ્રલય થાય છે.

શિવલિંગ ઓમકાર સ્વરૂપ મનાય છે. ઓમ ને પ્રણવ મંત્ર કહેવામાં આવે છે એમાં 'અ', 'ઉ' અને 'મ' એ ત્રણ અક્ષરોનું સંયોજન થયું છે. 'અ' એટલે બ્રહ્મા, 'ઉ' એટલે વિષ્ણુ અને 'મ' એટલે શિવ. મકાર શિવ એ બીજ છે અને તે જ બીજ લિંગરૂપે સૃષ્ટિના સર્જનનું મૂળ તત્વ છે. શિવપુરાણની વિદ્યેશ્વર સંહિતામાં શિવલિંગનો મહિમા બતાવ્યો છે. લિંગસ્વરૂપ સ્તંભ આદિ અને અંત વિનાનો છે. તે તો અણુથી પણ સૂક્ષ્મ મહાનથી યે મહાન, વિરાટ છે. શિવલિંગ તો ભક્તિ અને મુક્તિનું સાધન છે. શિવપુરાણ પ્રમાણે શિવલિંગ ચૈતન્યસ્વરૂપ છે. લિંગની પીઠ પાર્વતીસ્વરૂપ છે. શિવ હંમેશ પાર્વતીને પોતાની ગોદમાં ધારણ કરે છે. લિંગ અને પીઠિકા તો શિવ-શક્તિનું સંયોજન છે, સૃષ્ટિ-સર્જનનું પ્રતીક છે. ભગવાન શિવ પાર્વતી ને એટલે જ દામ્પત્ય જીવનનાં આદર્શ માનવામાં આવે છે, તેમજ તે સંન્યાસની ઉચ્ચત્તમ કક્ષાએ હોવા છતાં સંસારી કહેવાયા છે! સંસારમાં રહીને જ શિવ પાર્વતીએ પ્રસન્ન દામ્પત્યનો દાખલો બેસાડ્યો છે.

આમ ભગવાન આશુતોષ પથ્થરમાં વસીને પોતાનો વિશ્વાસ ભક્તનાં મનમાં દ્દઢ કરે. શિવલિંગ એ હિન્દુઓમાં સૌથી વધુ પૂજાતું સ્વરૂપ છે, કારણ કે ભગવાન શંકરની પૂજા સાવ સીધી સાદી છે. અન્ય દેવી દેવતાઓના કર્મકાંડો ભરેલા યજ્ઞ, દરેક વ્યક્તિ કરી શકે નહીં. સીધાસાદા શુદ્ધ પાણી અને એક ટબુડી દૂધ, બે-ત્રણ બીલીપત્ર હોય એટલે શંકર રાજી રાજી! ન કોઈ ભોગની ઉપેક્ષા,ન કોઈ અન્ય સાધન, માત્ર ને માત્ર ભાવનાનો ભૂખ્યો, એવો ભોળો ભંડારી સદીઓથી ભક્તની ભીડ ભાંગે છે. સ્થાન પણ જ્યાં મળે ત્યાં ગ્રહણ કરી લેતા હોય છે, એટલે કે જંગલમાંથી પણ સ્વયંભૂ શિવલિંગ બહાર નીકળે. સૌરાષ્ટ્ર પંથકમાં તો કોઈને ખબર પણ ન હોય કે આ જમીન તળે શિવલિંગ છે, અને ખોદકામ કરતાં ત્યાંથી શિવલિંગ પ્રાપ્ત થાય છે. કોઈ જગ્યાએ, કોઈ ગાય પોતાના આંચળમાંથી સીધો અભિષેક કરતી રોજ કોઈને દેખાય, અને એ ભરવાડ ત્યાં આગળ ખોદકામ કર્યું તો એમાંથી શિવલિંગ નીકળે! આવું તો આપણે ઘણું સાંભળીયે છીએ, અને એ કોઈ પરચા નથી, સાક્ષાત શંકરનું પ્રાગટ્ય છે. આપણે ત્યાં શંકર પાર્વતીને શ્રદ્ધા વિશ્વાસની જોડી તરીકે ઓળખવામાં આવે છે.

ભગવાન ભોળાનાથ તો સૌના કલ્યાણ માટે પ્રત્યેક તીર્થમાં લિંગ રૂપે નિવાસ કરે છે. શિવપુરાણમાં શિવલિંગના અનેક પ્રકારો ગણાવ્યા છે. લિંગપુરાણ પ્રમાણે પત્થર, રત્ન વગેરે દ્રવ્યોના આધારે લિંગના મુખ્ય છ પ્રકાર છે : શૈલજ, રત્નજ, ધાતુજ, કાષ્ઠજ, માટીજ અને ક્ષણિકલિંગ જેને વિષે આપણે શ્રાવણમાં સ્વતંત્ર ચિંતન કર્યું હતું. દરેક લિંગના મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને પરબ્રહ્મરૂપ સદાશિવ લિંગના ઉપરના ભાગમાં રહે છે. લિંગ એ પરબ્રહ્મનું ત્રિમૂર્તિ સ્વરૂપ પણ મનાય છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રમયી એવી ત્રિગુણાત્મક શક્તિ ધરાવતી મા જગતજનની જગદંબા અંબિકા મહાદેવી એ લિંગની વેદિ છે. મનુષ્યોનાં જન્મથી ઉત્પન્ન થયેલાં દુઃખોનો નાશ કરનાર સદાશિવ લિંગને આપણે વારંવાર પ્રમાણ કરીએ.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### કોઠારીયા રોડ પર રહેતાં પ્લમ્બરે ટંકારાના જબલપુરના શખ્સના બંગલાનું પ્લમ્બીંગ કામ અને મિત્ર પ્રશાંત મારફત ફર્નિચર કામ કરાવ્યું હોઇ પૈસાની લેતીદેતીનો ડખ્ખો હતો

# સાળા-બનેવીના અપહરણ કરી હાથ-પગ તોડી નાંખ્યા

### આજીડેમ ચોકડીથી રેલનગર અને ત્યાંથી ટંકારા લઇ જવાયાઃ લોખંડના પાઇપના આડેધડ ઘા માર્યાઃ આજીડેમ પોલીસે ચાર શખ્સો સામે કરી કાર્યવાહી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૪**

રાજકોટઃ રૂપિયાની લેતીદેતીના ડખ્ખા ઘણીવાર લોહીયાળ બની જતાં હોય છે. આવા વધુ એક બનાવમાં રાજકોટ શહેરના કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે રહેતાં પ્લમ્બર યુવાન અને દોઢસો રીંગ રોડ પર રામપાર્કમાં રહેતાં તેના બનેવીનું રાજકોટથી કારમાં અપહરણ કરી ટંકારાના જબલપુર ગામે લઇ જઇ બંનેને લોખંડના પાઇપથી ચાર શખ્સોએ બેફામ માર મારી હાથ-પગ ભાંગી નાંખતા બંને સાળો-બનેવી હોસ્પિટલના બીછાને પહોંચ્યા છે. પ્લમ્બર યુવાને જબલપુરના શખ્સના બંગલાનું પ્લમ્બીંગ કામ કર્યુ હોઇ અને તેના મિત્રએ ફર્નિચરનું કામ કર્યુ હોઇ તેના રૂપિયાની લેતીદેતી મામલે આ માથાકુટ થયાનું ખુલ્યું છે.





ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રોડ રણુજા મંદિર પાછળ કૈલાસ પાર્ક-૪માં રહેતાં તેમજ મવડી આકાશદીપ સોસાયટી-૩માં પણ રહેણાંક ધરાવતાં અને પ્લમ્બીંગ કામ કરી ગુજરાન ચલાવતાં ઓગણત્રીસ વર્ષના ગૌતમ મનુભાઇ વ્યાસની ફરિયાદ પરથી ટંકારાના જબલપુરના બાબુ વીરાભાઇ ઝાપડા, મેહુલ ઉર્ફ લાલો, હકા ઝાપડા અને સાહિલ શાહમદાર વિરૂધ્ધ અપહરણ કરી પાઇપથી માર મારી ગૌતમ અને તેના બનેવી બાલાજી હોલ પાસે રામપાર્કમાં રહેતાં બત્રીસ વર્ષના વિપુલભાઇ ખીમજીભાઇ પાંભર એમ બંનેના હાથ-પગ ભાંગી નાખવા અંગે ફરિયાદ દાખલ કરી આરોપીઓને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે.

જેના બંને હાથ પગ માંગી નાંખવામાં આવ્યા છે તે પ્લમ્બર ગૌતમ વ્યાસે જણાવ્યું હતું કે દોઢેક વર્ષ પહેલા મેં ટંકારાના જબલપુર ગામે રહેતાં બાબુ ઝાપડાના બંગલાનું પ્લમ્બીંગ કામા રાખ્યું હતું. બાદમાં મેં મારા મિત્ર પ્રશાંત ગઢીયાને આ બંગલામાં ફર્નિચર કામ અપાવ્યું હતું. ગુરૂવારે સવારે અગિયારેક વાગ્યે હું રાજકોટ-અમદાવાદ હાઇવે પર કોઠારીયા ચોકડીથી આજીડેમ ચોકડી તરફ આજી વસાહતના રસ્તે મારી કાર જીજે૦૧આરજી-૩૭૬૭માં સર્વિસ કરાવતો હતો ત્યારે લાલો અને હકો મારી પાસે આવેલા અને કહ્યું હતું કે બાબુભાઇ તને બોલાવે છે. બાબુભાઇ ત્યાં નજીકમાં સ્વીફટ કાર લઇને ઉભા હતાં. હું ત્યાં જતાં મને કહેલુ કે-મિસ્ત્રી પ્રશાંતનો હિસાબ કરવો છે, ગાડીમાં બેસી જા.

પરંતુ મેં બેસવાની ના પાડતાં હકા અને લાલાએ મને ધક્કો મારી અંદર નાખી દીધો હતો. મારી હોન્ડા સીટી કાર લાલાએ ચલાવી લીધી હતી તેની સાથે હકો બેસી ગયો હતો. ત્યારબાદ બાબુ ઝાપડાએ તેની કાર હંકારી હતી અને રેલનગરમાં લઇ ગયા હતાં. મારો મિત્ર પ્રશાંત અગાઉથી જ તેની કારમાં હતો. એ પછી પ્રશાંતના ફોનમાંથી મારા બનેવી વિપુલભાઇ ખીમજીભાઇ પાંભર અને બીજા બનેવી ભગીરથભાઇ શાંતિભાઇ વ્યાસને ફોન કરી રેલનગરમાં બોલાવ્યા હતાં. આ બંને આવી જતાં વિપુલભાઇ ઝાપડાને સ્વીફ્ટમાં બેસાડેલ અને ભગીરથભાઇ તથા પ્રશાંતને મારી હોન્ડા સીટીમાં બેસાડી દીધા હતાં. બાદમાં અમને ટંકારાના જબલપુર ગામે રામવાડી પાસે લઇ જવાયા હતાં.

જ્યાં કાર ઉભી રાખી મને અને મારા બનેવી વિપુલભાઇને નીચે ઉતારી બાબુ, હકા, મેહુલ અને સાહિલે તેની સ્વીફ્ટ કારમાંથી લોખંડના પાઇપ કાઢી અમને બંનેને હાથે-પગે આડેધડ ઘા મારવાનું ચાલુ કર્યુ હતું. વિપુલભાઇને પગમાં લોહી નીકળવા માંડ્યા હતાં. આ પછી ચારેયએ મારા બનેવી ભગીરથભાઇ અને પ્રશાંતની મારી કારમાંથી નીચે ઉતારી કહેલું કે આ બંનેના હાથ-પગ ભાંગી નાંખ્યા છે હવે આને દવાખાને લઇ જાવ. આ પછી મારા બનવેવી અને પ્રશાંતે ૧૦૮ બોલાવતાં અમને ટંકારા હોસ્પિટલે અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. અહિ ડોક્ટરે નિદાન કરતાં મને બંને પગ અને બંને હાથમાં તથા મારા બનેવી વિપુલભાઇને ડાબા પગ અને બંને હાથમાં ફ્રેકચર હોવાનું જણાવ્યુ હતું. હોસ્પિટલ ચોકીના આસી સબ ઈન્સ. રામશીભાઇ વરૂ અને તૌફિકભાઇ જુણાચે જાણ કરતાં આજીડેમ પોલીસ મથકના હેડકોન્સ. એચ. કે. ડાંગરે ગૌતમ વ્યાસની ફરિયાદ પરથી અપહરણ-હુમલાનો ગુનો દાખલ કર્યો હતો.

હુમલો થવાનું કારણ શું? તે અંગે હોસ્પિટલના બિછાનેથી ગૌતમ વ્યાસે જણાવ્યું હતું કે બાબુ ઝાપડાના બંગલાનું પ્લમ્બીંગ કામ મેં રાખ્યું હતું અને બાદમાં મારા મિત્ર પ્રકાંતને તેમાં ફર્નિચર બનાવવાનું કામ અપાવ્યું હતું. મારે પ્રશાંત પાસેથી દસ બાર લાખ લેવાના થતાં હતાં. અમારી વચ્ચે હિસાબ બાકી હોઇ જેથી એક વખત પ્રશાંતે બાબુ ઝાપડા પાસે પૈસાની ઉઘરાણી કરતાં તેણે ઝઘડો કર્યો હતો અને અમારી પાસે પૈસા મંગાય જ કેમ? તેમ કહી માથાકુટ કરી હતી. મારા મિત્ર પ્રશાંતને આગલી રાતથી એ લોકોએ ઉઠાવી લીધો હતો અને બાદમાં આજીડેમ ચોકડી નજીક પ્રશાંતને સાથે લાવી મને ઉઠાવી લીધો હતો. તેમજ ફોન કરીને મારા બનેવીને બોલાવી તેનું પણ અપહરણ કરી અમને બંનેને જબલપુર લઇ જઇ હાથ-પગ ભાંગી નખાયા હતાં. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે. અગાઉ પણ આ રીતે મારકુટ થયાનો અને મકાન પડાવી લેવા પ્રયાસ થયાનો આક્ષેપ કરાયો હતો. જો કે એફઆઇઆરમાં આવી વિગતોનો કોઇ ઉલ્લેખ નથી. ખરેખર હુમલા પાછળ પૈસાની લેતીદેતી જ કારણભુત છે કે અન્ય કોઇ ડખ્ખો? તેની તપાસ આજીડેમ પોલીસ કરી રહી છે.

## બાલિકા પંચાયતના નિર્માણ માટે જાગૃતિ ઝુંબેશ

### જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણેના અધ્યક્ષસ્થાને મિશન શક્તિ યોજનાની અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ



રાજકોટ તા. ૧૩

જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણેના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી સભાખંડ ખાતે ‘‘મિશન શક્તિ‘‘ યોજનાના અમલીકરણ માટેની જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ડી.ડી.ઓ.એ મહિલા સુરક્ષા અને મહિલા સામર્થ્યને લગત વિવિધ યોજનાઓની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે રાજકોટ જિલ્લાના ૫૮૯ ગામોમાં બનાવવામાં આવેલ બાલિકા પંચાયતને તાલીમ, વિવિધ યોજનાની સમજ આપી ગ્રામ વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા, પી.સી.પી.એન.ડી.ટી, મેન્સ્ટ્રુઅલ હાઈજીન વગેરે મુદ્દાઓ અંગે જાગૃતિ લાવવા પર ભાર મૂકયો હતો. આ સાથે સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરીની સમીક્ષા કરી, ગ્રામ વિસ્તારમાં ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમ અને વાનને ફાળવણી કરી હતી તથા મહિલા સ્વાવલંબન, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન, ઘરેલું હિંસાના કેસ, બાળાઓને સ્વ રક્ષાની તાલીમ આપવા, સાયબર ક્રાઈમ તથા સાયબર સેફટી વિષે વિસ્તૃત ચર્ચા કરી મહિલા તથા બાળકોની સલામતી અંગે ખાસ સૂચનો આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારની શક્તિ યોજના અંતર્ગત સખીવન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન, બેટી બચાવો બેટી પઢાવો, નારી અદાલત, શક્તિ સદન, સખી નિવાસ અને નેશનલ ક્રેચ સ્કીમ સમાવિષ્ટ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા હિંસાથી અસરગ્રસ્ત કે તાત્કાલિક કાળજીની આવશ્યકતા હોય તેવી મહિલાઓને સહાય, સમર્થન પૂરા પાડવા તથા પુનર્વસન હેતુ ‘‘મિશન શક્તિ‘‘ યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત જાતિગત અસમાનતા અને લૈંગિક પસંદગી નાબૂદ કરી બાળકીઓના અસ્તિત્વનું રક્ષણ અને વિકાસ સુનિશ્ચિત કરવાની કામગીરી કરવામાં આવે છે.

આ બેઠકમાં જિલ્લા રમત ગમત અધિકારી વી.પી.જાડેજા, ડી.વાય.એસ.પી એસ.એસ.રઘુવંશી, મહિલા અને બાળ અધિકારી જનકસિહ ગોહિલ, સી.ડી.એચ.ઓ. પપ્પુ સિંઘ, રાજકોટ સીડીપીઓ સાકરીયા, ૧૮૧ અભિયમ હેલ્પલાઇનના તુષાર બાવરવા, સમાજ સુરક્ષા પ્રોબેશનરી ઓફિસર ડો. મિલનકુમાર પંડિત, ગીતાબેન કિયાડા વગેરે અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યારી ડેમમાં ડૂબેલા પરપ્રાંતીય યુવાનનું મોત

### ડેમ નજીકની સાઈટમાં ન્હાવા પડ્યોને મળ્યું મોત



રાજકોટ મિરર, તા.૧૩

રાજકોટના કાલાવડ રોડ પર આવેલ ન્યારી ડેમમાં ન્હાવા પડેલ ૧૯ વર્ષીય રાજસ્થાની યુવાન ઊંડા પાણીમાં ગરક થતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં તાલુકા પોલીસની ટીમ દોડી જઇ યુવાનના મૃતદેહને બહાર કાઢી કાર્યવાહી કરી હતી. બનાવ અંગે મૃતકના પરિવારને જાણ કરાઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, મૂળ રાજસ્થાનનો વતની અને હાલ કાલાવડ રોડ પર આવેલ ન્યારી ડેમ નજીક આવેલ બાંધકામ સાઈટ પર રહી ત્યાં જ કામ કરતાં સ્વરૂપસિંહ લાલસિંહ સોલંકી (ઉ.વ.૧૯) ગઈકાલે સાંજે બાંધકામ સાઇટ પર પોતાનું કામ પુરુ કરી સાઈટની નજીક જ આવેલ ન્યારી ડેમમાં ન્હાવા માટે ગયો હતો. જે બાદ તે મોડે સુધી ન આવતાં ત્યાં કામ કરતા અન્ય શ્રમિકોએ કોન્ટ્રાકટર ભગિરથસિંહઅને મદનસિંહને જાણ કરતાં તેઓ ન્યારી ડેમ પર દોડી ગયાં હતા અને તપાસ કરતા યુવાન ઊંડા પાણીમાં ગરક થઈ ગયાનું સામે આવ્યું હતું.

બાદમાં તાલુકા પોલીસને બનાવ અંગે જાણ કરતા પીએસઆઇ એમ.આઈ.શેખ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવાનના મૃતદેહને બહાર કાઢી જરૂરી કાર્યવાહી કરી પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી.

## જિલ્લાના ૫૮૯ ગામોમાં બાલિકા પંચાયતના નિર્માણ થકી ગ્રામ વિસ્તારોમાં જાગૃતિ ઝુંબેશનુ આયોજન

### D.D.O. નવનાથ ગવ્હાણેના અધ્યક્ષસ્થાને મિશન શક્તિ યોજનાની અમલીકરણ સમિતિની યોજાઈ બેઠક




રાજકોટ તા. ૧૩

જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણેના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી સભાખંડ ખાતે ‘‘મિશન શક્તિ‘‘ યોજનાના અમલીકરણ માટેની જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ડી.ડી.ઓ.એ મહિલા સુરક્ષા અને મહિલા સામર્થ્યને લગત વિવિધ યોજનાઓની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે રાજકોટ જિલ્લાના ૫૮૯ ગામોમાં બનાવવામાં આવેલ બાલિકા પંચાયતને તાલીમ, વિવિધ યોજનાની સમજ આપી ગ્રામ વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા, પી.સી.પી.એન.ડી.ટી, મેન્સ્ટ્રુઅલ હાઈજીન વગેરે મુદ્દાઓ અંગે જાગૃતિ લાવવા પર ભાર મૂકયો હતો.

આ સાથે સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરીની સમીક્ષા કરી, ગ્રામ વિસ્તારમાં ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમ અને વાનને ફાળવણી કરી હતી તથા મહિલા સ્વાવલંબન, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન, ઘરેલું હિંસાના કેસ, બાળાઓને સ્વ રક્ષાની તાલીમ આપવા, સાયબર ક્રાઈમ તથા સાયબર સેફટી વિષે વિસ્તૃત ચર્ચા કરી મહિલા તથા બાળકોની સલામતી અંગે ખાસ સૂચનો આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારની શક્તિ યોજના અંતર્ગત સખીવન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન, બેટી બચાવો બેટી પઢાવો, નારી અદાલત, શક્તિ સદન, સખી નિવાસ અને નેશનલ ક્રેચ સ્કીમ સમાવિષ્ટ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા હિંસાથી અસરગ્રસ્ત કે તાત્કાલિક કાળજીની આવશ્યકતા હોય તેવી મહિલાઓને સહાય, સમર્થન પૂરા પાડવા તથા પુનર્વસન હેતુ ‘‘મિશન શક્તિ‘‘ યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત જાતિગત અસમાનતા અને લૈંગિક પસંદગી નાબૂદ કરી બાળકીઓના અસ્તિત્વનું રક્ષણ અને વિકાસ સુનિશ્ચિત કરવાની કામગીરી કરવામાં આવે છે.

આ બેઠકમાં જિલ્લા રમત ગમત અધિકારી વી.પી.જાડેજા, ડી.વાય.એસ.પી એસ.એસ.રઘુવંશી, મહિલા અને બાળ અધિકારી જનકસિહ ગોહિલ, સી.ડી.એચ.ઓ. પપ્પુ સિંઘ, રાજકોટ સીડીપીઓ સાકરીયા, ૧૮૧ અભિયમ હેલ્પલાઇનના તુષાર બાવરવા, સમાજ સુરક્ષા પ્રોબેશનરી ઓફિસર ડો.મિલનકુમાર પંડિત, ગીતાબેન કિયાડા વગેરે અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકોટમાં પારકી-સરકારી જમીનો પચાવી પાડવાના કૌભાંડોનો રાફડો ફાટ્યોઃ વધુ બે ગુના

# સરકારી જમીન પચાવવા રાજકોટ-ચોટીલાના શખ્સના જબરા કાવત્રા

### મવડીની કરોડોની જમીનો પોતાના પિતા-દાદાને સ્ટેટ તરફથી મળી છે એવા ખોટા દાવા રજૂ કર્યાઃ અભિલેખાગાર કચેરીમાં તપાસ થતાં ભાંડો ફુટ્યોઃ મામલતદારે તાલુકા પોલીસમાં બે એફઆઇઆર દાખલ કરાવી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૪**

પારકી અને સરકારી જમીનો પચાવી પાડવાના કારસ્તાનો અવાર-નવાર ઉઘાડા પડતાં હોય છે. સબ રજીસ્ટ્રાર ઝોન-૧ કચેરીના કર્મચારી સહિત ત્રણ જણાએ કરોડોની ૧૭ મિલ્કતોના બોગસ દસ્તાવેજો બનાવી લીધાની તપાસ ચાલુ છે ત્યાં બીજી તરફ મવડીની કરોડોની કિંમતની ગણાતી સરકારી જમીનમાં વારસાઇ હક્ક માટે રાજકોટ અને ચોટીલા મળી બે શખ્સોએ અભિલેખાગાર કચેરીના બોગસ દસ્તાવેજો ઉભા કરી આ જમીનો પોતાના પિતા અને દાદાને સ્ટેટ તરફથી મળી હતી તેવું ખોટુ દર્શાવી વારસાઇ હક્ક માટે મામલતદાર કચેરીમાં અરજીઓ કરતાં તપાસમાં બંનેને ભાંડો ફુટી જતાં જમીન પચાવી પાડવા કાવત્રુ ઘડી બોગસ દસ્તાવેજો બનાવ્યા મામલે મામલતદાર દ્વારા બે અલગ અલગ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

ચર્ચાને ચકડોળે ચડેલા આ કારસ્તાનની વિગતો જોઇએ તો આ બનાવમાં તાલુકા પોલીસે દક્ષીણ મામલતદાર કચેરીના મામલતદાર શૈલેષકુમાર જેઠાભાઇ ચાવડાની ફરિયાદ પરથી મોરબી રોડ ગાંધી વસાહત સોસાયટી મેઇન રોડ પર રહેતથાં વિનોદ માવજીભાઇ પારઘી વિરૂધ્ધ આઇપીસી ૪૨૦, ૪૬૫, ૪૭૫, ૪૬૮, ૪૭૧ મુજબ ગુનો નોંધ્યો છે. મામલદતારે ફરિયાદમાં જણાવ્યું છે કે વિનોદ પારઘીએ મવડી-૨ ગામના સર્વે નં. ૯૪ પૈકીની જમીન ૯ એકર ૧૩ ગુંઠા ગુજરનાર ડાયાભાઇ દેસાભાઇના વારસદાર તરીકે સ્ટેટના લેખના આધારે ખેડવાણ જમીન મળવા તેમજ તે જમીન પરના લાંબાગાળાના ખેડવાણ કબ્જા હક્ક નિયમબધ્ધ કરી આપી રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવા સરકરમાં મંજુરી મળવા કલેક્ટરશ્રી રાજકોટને તા. ૨૯/૮/૨૩ના રોજ અરજી કરી હતી.

જેના પુરાવા તરીકે તેણે તેના દાદા ડાયાભાઇ દેશાભાઇના નામનો તા. ૨૨-૧૦-૧૯૩૨નો લેખ તથા બેઠા ખાતાનો ઉતારાની નકલ ખાતા નં. ૨૬ની રજુ કરી મવડી-૨ ગામના સર્વે નં. ૧૯૪ પૈકીની જમીન ૯ એકર ૧૩ ગુઠાની ઢુંગલાવારી ધાર મારવારૂ ખેતર તરીકે ઓળખાતી જમીન વારસાઇ દરજ્જે નામે ચડાવવા રજૂઆત કરી હતી. આ અરજદાર વિનોદે રજૂ કરેલા આધારપુરાવાની ખરાઇ કરતાં જે તે સમયે અપાયેલ સર્વે નંબર-૧૯૪ હાલના રેકર્ડ આવેલ સર્વે નં. ૧૯૪ એકસમાન હોઇ તેમ પ્રસ્થાપિત થતું ન હોઇ તેમજ મહેસુલી રેકર્ડ સને ૧૯૫૫ના રેકર્ડ માત્ર ખેતરના નામ આધારે નોંધ થયેલ હતી.




તેમજ સને ૧૯૬૧માં માપણી થયા બાદ હાલના સર્વે નંબર આપવામાં આવેલ છે. તેમજ વિનોદ પારઘીએ રજૂ કરેલ લેખમાં દર્શાવેલ ગુજરાતી-અંગ્રેજી કેલેન્ડર મુજબની તારીખોમાં પણ વિસંગતતા જણાતાં કલેક્ટરને દરખાસ્ત કરી હતી. આમ વિનોદ પારઘી દ્વારા સ્ટેટ લેખનું લખાણ રજુ કરાયેલ જે લેખ અભીલેખાગગાર કચેરીમાં ખાતે લઇ જઇ ખરાઇ કરાવતાં તે લેખની કોઇ નોંધ થઇ ન હોઇ અભીલેખાગાર કચેરીના ખોટા સહી સિક્કા કર્યા હોવાનું કચેરીએ જણાવતાં વિનોદે કાવત્રુ ઘડી ખોટો દસ્તાવેજ ઉભુ કર્યાનું ખુલ્યું હતું. તેમ વધુમાં ફરિયાદમાં જણાવાયું છે.

બીજી તરફ વધુ એક આવા જ કારસ્તાન મામલે અલગથી તાલુકા પોલીસમાં ગુનો દાખલ કરાવાયો છે. તેમાં પણ મામલદતાર શૈલેષકુમાર ચાવડાની ફરિયાદ પરથી ચોટીલાના સુખપરના લખા નાજાભાઇ ખીમસુરીયા વિરૂધ્ધ ગુનો નોંધાયો છે. આ ફરિયાદમાં મામલતદારશ્રીએ જણાવ્યું છે કે લખા નાજાભાઈ ખીમસુરીયા રહે. સુખસર ગામ, આંબેડકરનગર, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર) એ રાજકોટ, મવડી-૨ ગામના સર્વે નં.-૧૯૪ પૈકીની જમીન ૧૦ એકર નાજાભાઈ રઘાભાઈના વારસદાર તરીકે લખાભાઈ નાજાભાઈએ સ્ટેટના લેખના આધારે ખેડવાણ જમીન મળવા તેમજ તે જમીન પરના લાંબાગાળાના ખેડવાણ હક્ક નિયમબધ્ધ કરી આપી રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવા સરકારમાં મંજુરી મળવા કલેકટર રાજકોટ જીલ્લાને તા-૧૯/૦૧/૨૦૨૪ ના અરજી કરી હતી અને તેના પુરાવા તરીકે લખા નાજાભાઈ ખીમસુરીયાએ તેમના પિતા નાજા રઘાના નામની તા-૨૬/૧૦/૧૯૩૭નો લેખ તથા બેઠાખાતાનો ઉતારાની નકલ રજુ કરી રાજકોટ, મવડી-૨ ગામના સર્વે નં.-૧૯૪ પૈકીની જમીન ૧૦ એકર ની ઢુંગલાવારી ધાર ખેતર તરીકે ઓળખાતી જમીન વરસાઈ દરજ્જે નામે ચડાવવા રજુઆત કરી હતી. જે અન્વયે અરજદાર લખા ખીમસુરીયાએ રજુ કરેલ આધાર પુરાવાની ખરાઈ કરતા જે તે સમયે અપામેલ સર્વ નંબર ૧૯૪ હાલના રેકર્ડ આવેલ સર્વે નંબર ૧૯૪ એક સમાન હોય તેમ પ્રસ્થાપિત થતુ નહોતું.

વળી મહેસુલી રેકર્ડે સને ૧૯૫૫ના રેકર્ડ માત્ર ખેતરના નામ આધારે નોંધ થયેલ હતી સને ૧૯૬૧માં માપણી થયા બાદ હાલના સર્વે નંબર આપવામા આવેલ છે. તેમજ લખા નાજાભાઈ ખીમસુરીયાએ રજુ કરેલ લેખમા દર્શાવેલ ગુજરાતી તથા અંગ્રેજી કેલેન્ડર મુજબની તારીખોમાં વિસંગતતા જણાતા કલેકટરને દરખાસ્ત કરી હતી. લખા ખીમસુરીયા દ્વારા સ્ટેટ લેખનુ લખાણ રજુ કરેલ જે લેખ અભીલેખાગાર કચેરી ખાતે ખરાઈ કરાવતા તે લેખની કોઈ નોંધ થયેલ ન હોઈ અને અભિલેખાગાર કચેરીના ખોટા સહી સીક્કા કરેલા હોવાનું જણાવાયું હતું. આમ લખા ખીમસુરીયાએ પણ સરકારી જમીન પચાવી પાડવા કાવત્રુ ઘડી ખોટા દસ્તાવેજ બનાવ્યાનું જણાતાં તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવાઇ હતી. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્ચાજ પોલીસ ઇન્સપેક્ટર સી. એચ. જાદવ અને સ્ટાફે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બંને આરોપીઓની ધરપકડ બાદ તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો ખુલવાની શક્યતા છે.

# સૌરાષ્ટ્રના અણઉકેલ રેલવેના પ્રશ્નો તાકીદે નિવારો : રામભાઈ મોકરિયા

## કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળીને લેખિત - મૌખિક રજૂઆત કરતા રાજ્યસભાના સાંસદ મોકરીયા



રાજકોટ મિરર, તા.૧૩

સૌરાષ્ટ્રને રેલવેને લગતા પ્રશ્નો બાબતે આજે સાંસદ(રાજ્ય સભા) રામભાઈ મોકરીયાએ દિલ્હી ખાતે કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને રૂબરૂમાં મળી તેઓને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરી હતી. સંસદ દ્વારા કરાયેલી રજુઆતમાં જણાવાયું છે કે, રાજકોટ સૌરાષ્ટ્રનું કેપિટલ ગણાય છે.અત્યારે રાજકોટની વસ્તી અંદાજે ૪૫ લાખ કરતા વધારેની વસ્તી છે.તેમજ રાજકોટ ઈન્ડસ્ટ્રીઝ અને કોમર્સ ક્ષેત્રે પણ ખૂબ જ આગળ પડતું શહેર છે.અને રાજકોટની આજુબાજુના જિલ્લાઓમાંથી પણ મોટા પ્રમાણમાં પ્રવાસીઓ હરિદ્વાર જવા માટે રેલવેનો ઉપયોગ કરતા હોય છે અને હરિદ્વાર જવા માટે ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ મળતી નથી. વેઈટિંગ વધારે હોય છે. હાલમાં રાજકોટથી હરિદ્વાર જવા માટે ટ્રેન નંબર ૧૯૫૬૫ ઓખા દેહરાદુન વિકલી ટ્રેન ઉપલબ્ધ છે. આ સિવાય હરિદ્વાર જવા માટે એક પણ ટ્રેન ઉપલબ્ધ નથી.

ટ્રાફિક પૂરતા પ્રમાણમાં મળી રહેશે સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ હરિદ્વાર જવા માટે દરરોજ રાજકોટ થી હરિદ્વાર ની ટ્રેન આપવા માટે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને ભારપૂર્વક રજૂઆત કરી છે. કોરોના પહેલા રાજકોટથી મુંબઈ સેન્ટ્રલ જવા માટે ઉપડતી ટ્રેન ૨૨૯૪૬ સૌરાષ્ટ્ર મેલ સાંજના ૧૭:૩૫ વાગે ઉપડતો હતો અને બોરીવલી સવારે ૭:૦૦ વાગે પહોંચાડતો હતો તે જ પ્રમાણે રાજકોટ થી બાંદ્રા જવા માટે ટ્રેન નંબર ૧૯૨૧૮ સૌરાષ્ટ્ર જનતા બપોરના ૧૫: ૩૦ વાગે ઉપડતી હતી અને બોરીવલી ખાતે વહેલી સવારે ૫:૩૦ વાગે પહોંચાડતી હતી આ બંને ટ્રેનો સૌરાષ્ટ્રના લોકોને મુંબઈ જવા માટે ખૂબજ અનુકૂળ હતી. આ બંને ટ્રેનમાં જવા માટે વધુ પ્રમાણમાં પ્રવાસીઓનો ઘસારો રહેતો હતો.

પરંતુ અચાનક આ બંને ટ્રેનના ટાઈમ બદલી નાખવામાં આવ્યા છે. જેથી મુસાફરોને બોરીવલી રેલ્વે સ્ટેશન ઉપર વહેલી સવારે ત્રણ વાગ્યે આ ટ્રેન પહોંચતી હોવાથી મુસાફરોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય આ બાબતે તથા લેખિતમાં પણ આ બંને ટ્રેનોને તેમના અગાઉના શિડ્યુલ મુજબ રાજકોટથી મુંબઈ જવા માટે શરૂ કરાવે તેવી ભારપૂર્વક રજૂઆત કરેલી છે.

જામનગરથી મુંબઈ સેન્ટ્રલ જતી ટ્રેન નંબર ૧૨૨૬૮ જામનગર દુરંતો ટ્રેન બોરીવલી સ્ટેશન ખાતે સ્ટોપેજ ન હોવાથી સૌરાષ્ટ્રના પેસેન્જરને ફરજિયાત મુંબઈ સેન્ટ્રલ ઉતરવું પડે છે અને પરતમાં અન્ય ટ્રેન દ્વારા બોરીવલી પરત આવવું પડે છે. પેસેન્જરોને સાથે લગેજ હોવાથી ખૂબ મુશ્કેલી ઊભી થાય છે. મુંબઈ જતા મુસાફરોમાં ૯૦ ટકા મુસાફરો બોરીવલી સ્ટેશન ખાતે ઉતરી જતા હોય છે. જેથી મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે બોરીવલી ખાતે સ્ટોપેજ આપવા માટે રજૂઆત કરેલી છે.

અગાઉ વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર સાથે સંસદ સભ્યોને રાજકોટ ખાતે સૌરાષ્ટ્રના રેલવેના પ્રશ્નો બાબતે ૨૮/૬/૨૦૨૩ ના રોજ મીટીંગ યોજાયેલી તે મિટિંગમાં અમદાવાદ સુધી આવતી લાંબા અંતરની ૧૦ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવેલી આ રજૂઆત બાબતે રેલવે મંત્રીશ્રીએ તારીખ૧૩/૯/૨૦૨૩ના રોજ છ ટ્રેનોને લંબાવી આપેલી આ ટ્રેનોને તુરંત રાજકોટ સુધી ઝડપથી ચાલુ કરવા માટે આજે ભારપૂર્વક રજૂઆત કરેલી જેનો રેલ્વેમંત્રીશ્રીએ હકારાત્મક પ્રતિસાદ આપેલો.

### સીનીયર સિટીઝન્સને કન્સેસન ફરી શરુ કરો

અગાઉ સિનિયર સિટીઝનને રેલવે ટીકીટમાં કન્સેસન આપવામાં આવતું હતું તે કન્સેશન આપવાનું હાલમાં બંધ છે તે ફરી ચાલુ કરવા માંગ કરાઈ છે. હાલમાં રેલવેમાં લોકલ ભાડું તેમજ એક્સપ્રેસ ભાડું એક સરખું છે તેને બદલે લોકલ ભાડુ એક્સપ્રેસ ટ્રેનના ભાડા કરતા ઓછું હોવું જોઈએ તે સુધારો કરવો જરૂરી છે. પોરબંદરથી રાજકોટ વાયા જેતલસર જવા માટે એક જ ટ્રેન સવારના ઉપલબ્ધ છે તેને બદલે વધુ ટ્રેનની સંખ્યા વધારવી જોઈએ. અગાઉ રાજકોટથી વેરાવળ જવા માટે વહેલી સવારે ૫:૩૦ વાગે લોકલ ટ્રેન ઉપડતી હતી તેમાં ટ્રાફિક પણ પૂરતા પ્રમાણમાં મળતો હતો છતાં પણ આ ટ્રેન બંધ કરી દેવામાં આવેલ છે તેને ફરીથી ચાલુ કરવામાં આવે તે જરૂરી છે.

### રાજકોટથી રામદેવપરાની ટ્રેન શરુ કરો

સૌરાષ્ટ્રમાંથી રાજસ્થાનના રામદેવરા ખાતે જવા માટે મુસાફરોનો મોટો વર્ગ છે આ મુસાફરોને સીધી રામદેવરા જવા માટે કોઈ ટ્રેન નથી જેથી લોકોને પ્રાઈવેટ વાહનોમાંજવું પડે છે તેથી ખર્ચ ની રીતે પણ ખૂબ મોંઘુ પડતું હોય તેમ જ સમયની પણ બરબાદી થતી હોય અને રામદેવરા જવા માટે સૌરાષ્ટ્રમાંથી જવા માટે મુસાફરોનો મોટા પ્રમાણમાં ઘસારો રહેતો હોવાથી રાજકોટથી રામદેવરા જવા માટે ટ્રેન ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

### જામનગરથી ઉપડતી ટ્રેન બાંદ્રા સુધી લંબાવો

સવારે જામનગરથી ઉપડતી ઈન્ટરસિટી ટ્રેન નંબર ૨૨૯૬૦ બાંદ્રા સુધી જતી હતી તે ટ્રેનને અચાનક વડોદરા સુધી જ ચાલુ રાખેલ છે તે ટ્રેન ફરીથી બાંદ્રા સુધી ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી. અગાઉ ટ્રેન નંબર ૯૫૦૧/૯૫૦૨ રાજકોટ ભુજ ટ્રેન ચાલુ હતી તે ટ્રેન બંધ કરી દેવામાં આવેલ છે તેને ફરીથી ચાલુ કરવા માટે તેમજ ટ્રેન નંબર ૧૯૭૦૩ અમદાવાદ ઉદયપુર નાથદ્વારા ટ્રેન વાયા હિંમતનગર થઈને ચાલે છે તે ટ્રેનને રાજકોટ સુધી લંબાવવા માંગણી કરાઈ છે.

### રાજકોટ–મોરબી મેમુ ટ્રેન ફરી શરુ કરો

અગાઉ રાજકોટ મોરબી વચ્ચે મેમુ ટ્રેન ચાલતી હતી આ ટ્રેન કોઈ કારણ વિના અચાનક બંધ કરી દેવામાં આવેલ છે. વહેલી. સવારે રાજકોટ થી મોરબી જવા માટે પેસેન્જર માટે ખૂબ ઉપયોગી હોવાથી ચાલુ કરવા માટેની રજૂઆત કરવામાં આવી. ઉપરોક્ત ટ્રેનો બાબતે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવએ રજૂઆતો બાબતે હકારાત્મક અભિગમ અપનાવેલ છે.

# પ્રથમ શહીદ બાબુગેનુંને શ્રદ્ધાંજલિ અર્પતું સ્વદેશી જાગરણ મંચ



શહીદની શહાદતને વાગોળી અપાઈ શ્રધાંજલિ

રાજકોટ મિરર, તા.૧૩

સ્વદેશી જાગરણ મંચ રાજકોટ દ્વારા સ્વદેશી ખાતર પોતાનું જીવન કુરબાન કરનાર પ્રથમ શહિદ એવા બાબુ ગેનુની પુણ્યતિથિ પર એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સ્વદેશી જાગરણ મંચના પશ્ચિમ ક્ષેત્રનાં સંયોજક રમેશભાઈ દવે અને સ્વદેશી જાગરણ મંચ મહાનગર સંયોજક વિનોદભાઈ પેઢડીયા, સ્વદેશી જાગરણ મંચ સૌરાષ્ટ્ર પ્રાંત મહિલા પ્રમુખ ભાર્ગવીબેન ભટ્ટ દ્વારા બાબુ ઘેનુંના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં સંચાલન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મહેમાન તરીકે રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન ડો. પ્રવીણભાઈ નિમાવત હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં તપનભાઈ લાડાણી, હાર્દિકભાઈ વ્યાસ, મણીભાઈ કન્ડીયા, પ્રવીણભાઈ કાશીયાણી રાજકોટ મહાનગર સહ સંયોજિકા નિધીબેન ગોકાણી, શોભનાબેન ગોપાલભાઈ પટેલ, શાંતિગીરી ગોસ્વામી, દર્શનાબેન દોમડીયા, અલ્પાબેન ભટી, પ્રવિણાબેન જોશી, હરેશભાઈ સોઢા, તારાબેન રાઠોડ, જીજ્ઞાબેન જોશી તથા સ્વદેશી જાગરણ મંચ સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચાર પ્રસાર પ્રમુખ વનિતાબેન રાઠોડએ જહેમત ઉઠાવી હતી.

# યુગ ફાઉન્ડેશન રાજ ડિલક્સ ગ્રુપ દ્વારા કાલે મહારક્તદાન કેમ્પ

રાજકોટ મિરર, તા.૧૩

રાજકોટમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરતા યુગ ફાઉન્ડેશન રાજ ડીલક્ષ ગ્રુપ દ્વારા તા. ૧૫ ને રવિવારના રોજ, સવારના ૮:૦૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી, મોરબી રોડ જકાતનાકા વિસ્તારમાં, રાજ ડીલક્ષ પાનની સામે આવેલા, ખોડીયાર માતાજીના મંદિરે થેલેસેમીયાગ્રસ્ત બાળકોના લાભાર્થે તેમજ સિવિલ હોસ્પિટલના લાભાર્થે ભવ્ય મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પ દરમિયાન બડા બજરંગ ફાઉન્ડેશનના નાના-મોટા અનેક સેવાભાવી યુવાનો સહયોગ મળશે તેવું રક્તદાન કેમ્પના આયોજકોએ જણાવ્યું હતું.

કેમ્પમાં જોડાઈને મોટી માત્રામાં રક્તદાન કરવા રક્તદાતાઓને અપીલ કરવામાં આવી છે.

# શેઠ હાઈસ્કૂલ પાસે જુગાર દરોડો : પાંચ પકડાયા

## રૂ.૬,૫૩૦નો મુદ્દામાલ કબજે કરતી ભક્તિનગર પોલીસ

રાજકોટ મિરર, તા.૧૩

ભક્તિનગર પોલીસે બાતમીના આધારે ૮૦ ફૂટ રોડ પર શેઠ હાઈસ્કૂલના બગીચાની પાળી પાસે જુગાર દરોડો પાડી જુગાર રમતા પાંચ શખ્શોને ઝડપી લીધા હતા. પોલીસે દરોડા દરમિયાન રૂ.૬,૫૩૦નો મુદ્દામાલ કબજે કરી પાંચેય સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પકડાયેલા શખ્શોમાં ફિરોજ મહંમદ જુણાચ (રહે. નાના માવા સર્કલ આવાસ યોજના ક્વાર્ટર બ્લોક નંબર ૨૪ ક્વાર્ટર નંબર ૧૭૯૪), જુમા જીવા ઠેબાપૌત્રા (રહે. ભગવતીપરા શેરી નંબર ૧૦ મનસુખ લોધા ડેલાના મકાનમાં ભાડેથી), રફીક દાઉદ ભાણું (રહે. ભગવતીપરા શેરી નંબર ૧), ઈશાક ઈસ્માઈલ શેખ (રહે. ભાયાવદર સરસ્વતી સોસાયટી તા. ઉપલેટા), સુલતાન હારુન જાફરાણી (રહે. ભગવતી પરા શેરી નંબર ૧૬ ભગવતીપરા મેઈન રોડ)નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# કાલે સાયકલોથોનમાં લોકજાગૃતિના બેનરો સાથે દાઉદી બહોરા સમાજના યુવાનો જોડાશે

રાજકોટ,તા.૧૩ : રાજકોટમા નુરાનિયા ઈંગ્લિશ સ્કુલ અને દાઉદી વ્હોરા સમાજની અન્ય સંસ્થાઓ દ્વારા આવતીકાલ તા.૧૫ ડીસેમ્બરના રવિવારે વોક ધ ફ્યુચર પેડલ ધ ચેન્જ'' સાયકલોથોન અને વોકેથોન રાખવામાં આવેલ છે, જેમાં તમામ દાઉદી બોહરા સમાજ ભાગ લઈ પોતાના ધર્મગુરુ પ્રત્યેની ખુશી હાસિલ કરશે, આ કાર્યક્રમને લઈ દાઉદી બોહરા સમાજમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રવિવારે સવારે ૭:૩૦ કલાકે સરદાર સરોવર ડેમ, બહુમાળી ભવન, રેસકોર્સ પાસેથી આ સાયકોલોથોન અને વોકેથોનનો અંદાજે બે થી ત્રણ કિલોમીટરનો રહેશે, સાથોસાથ દરેક સાયકલિસ્ટ લોકોમાં જાગૃતિ આવે તે માટે **Say No To Drugs Tobaco, Building Peaceful Schools, Promote Make In India, Say No To Cyber Crime**ના બેનર પોતાની સાયકલ અને હાથમાં રાખશે, ચાલો પ્રેરણા તરફ આગળ વધીએ અને પરિવર્તન માટે પેડલ કરીએ, તેમ શેખ યુસુફભાઈ જોહર કાડસવાળાએ જણાવ્યું છે.

# માર્ગ-મકાન વિભાગનો સીનીયર ક્લાર્ક રૂ.૫ હજારની લાંચ લેતા ઝડપાયો

## મકાન ન હોવાનું પ્રમાણપત્ર આપવા માંગી હતી લાંચ : રાજકોટ ACBના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલ સહિતની ટીમને સફળતા

રાજકોટ મિરર, તા.૧૩

શહેરની માર્ગ અને મકાન વિભાગની કચેરીનો સીનીયર ક્લાર્ક તેમની જ કચેરીના નોકરિયાત પાસેથી રૂ.૫ હજારની લાંચ લેતા આજે રંગે હાથે એસીબીના હાથે ઝડપાઈ જતા ચકચાર જાગી છે.

મળતી વિગતો મુંજબ શહેરની માર્ગ અને મકાન વિભાગની કચેરીમાં નોકરી કરતા એક અરજદારે પોતાને ક્વાર્ટર ફાળવવા આજથી પાંચ મહિના પહેલા અરજી કરી હતી. પણ કોઈ નિરાકરણ નહિ આવતા છેવટે અહી કોઈ ફાજલ ક્વાર્ટર ન હોવાના પ્રમાણપત્રની જરૂર પડી હતી.

આ માટે અરજદારે કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ શહેરની કચેરીના સીનીયર ક્લાર્ક રવિ રાજુભાઈ મજેઠીયાને મળતા રવીએ આવું પ્રમાણપત્ર જોઈતું હોય તો રૂ.૫૦૦૦ આપવા પડે તેમ કહી લાંચ માંગી હતી.

પણ અરજદાર આવી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે જામનગર એસીબીનો સંપર્ક કરી પીઆઈ આર.એન.વિરાણી સમક્ષ ફરિયાદ કરતા જામનગર એસીબી દ્વારા, રાજકોટ એસીબીના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના સુપરવિઝન હેઠળ આજે માર્ગ અને મકાન ખાતાની કચેરીમાં જ છટકું ગોઠવ્યું હતું. ત્યારે લાંચની રકમ સ્વીકારતા રવિને ટ્રેપિંગ અધિકારી વિરાણીએ અરજદાર પાસેથી રૂપિયા પાંચ હજારની લાંચ લેતા ઝાલી લીધો હતો. જામનગર એસીબી તંત્રે રાજકોટ એસીબીના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ લાંચનું સફળ છટકું પાર પડતા સરકારી કચેરીમાં અન્યા ખાઉધરા સત્તાધીશો અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# રાજકોટ રેલ્વે ડિવીઝનમાં ઉર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી

રાજકોટ મિરર, તા.૧૩ : પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૮ થી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ઊર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વનીકુમારે જણાવ્યું હતું કે ઉર્જા સંરક્ષણ અંગે લોકોમાં જાગૃતિ આવે અને ઉર્જાનું મહત્વ સમજાવે તે હેતુથી રાષ્ટ્ર દર વર્ષે ૧૪મી ડિસેમ્બરને ઉર્જા સંરક્ષણ દિવસ તરીકે ઉજવે છે. આ સંદેશાઓના વ્યાપક પ્રચાર અને પ્રસાર માટે, ઉર્જા બચત અને સંતુલિત ઉપયોગ માટેના સંદેશાવાળા પોસ્ટરો અને સ્ટીકરો રેલ્વે પરિસરમાં મુકવામાં આવ્યા હતા અને ઉર્જા સંરક્ષણ વિશે જનજાગૃતિ વધારવા માટે ડિવિઝન ના તમામ નાના-મોટા સ્ટેશનો પર પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને એનૌન્સમેંટ ના મધ્યમ થી લોકોને ઉર્જા સંયમિત રીતે ખર્ચવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. અન્ય વિભાગના રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોનું પણ વીજળી વિભાગના અધિકારીઓ અને એન્જિનિયરો દ્વારા કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર રજની યાદવના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ડિવિઝન પર ૫૩૯ ઊંઠા ક્ષમતાની સોલાર પેનલ્સ ઇન્સ્ટોલ કરવામાં આવી છે. જેના કારણે આ વર્ષે નવેમ્બર ૨૦૨૪ સુધી રેલવેની અંદાજે ૩૦.૨૪ લાખ રૂપિયાની આવક બચી હતી. રાજકોટ ડિવિઝન નું વિદ્યુત વિભાગ શક્ય તેટલો બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતોના ઉર્જા સંરક્ષણ અને ઉપયોગ માટે પ્રતિબદ્ધ છે. આ શ્રેણીમાં, નજીકના ભવિષ્યમાં, ડિવિઝનના સ્ટેશનો અને સર્વિસ બિલ્ડિંગો પર લગભગ ૨.૭૫ ખઠા ક્ષમતાના સોલાર પ્લાન્ટ્સ ઇન્સ્ટોલ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રસંગે ડીઆરએમ ઓફિસ અને લોકો કોલોનીમાં નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દરોડા બાદ મિડીયા ફોટો કવરેજ માટે ન આવે એ માટે તુરત જામીન પર છોડી દેવા, ભળતા નામો લખાવ સહિતના કારણો આપી રોકડા પડાવ્યા'તા

# સસ્પેન્ડેડ P.I.-કોન્સ્ટેબલે જૂગારધામમાં કર્યો'તો ૫૧ લાખનો તોડ

## સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઇ આર. જી. ખાંટે નોંધાવી ટંકારા પોલીસમાં ફરિયાદ : પોલીસ બેડામાં ચકચાર

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૪**

ટંકારાના હાઈ પ્રોફાઈલ જુગારધામ પ્રકરણમાં એસએમસીએ તપાસમાં ઝુકાવી પીઆઇ અને કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યા બાદ વધુ એક ઘટસ્ફોટ કરી ન્યૂઝ મીડિયામાં સમાચાર નહિ આપવા અને ભળતા નામ દર્શાવવા માટે વ્યક્તિ દીઠ ૬-૬ લાખ રૂપિયા કટકટાવી લઇ એકાવન લાખ રૂપિયાનો તોડ કર્યાનું ખુલતાં ખળભળાટ મચી ગયો છે. આ મામલે પીઆઇ વાય.કે.ગોહિલ અને કોન્સ્ટેબલ મહિપત સોલંકી વિરૂધ્ધ લાંચ રૂશ્વત લેવા અંગેનો ગુનો દાખલ કરવામાં આવતાં પોલીસબેડામાં ચકચાર મચી ગઇ છે. ત

ચકચાર જગાવતી વિગતો પર નજર કરીએ તો ગત ૨૬મી ઓક્ટોબરના રોજ મોરબી રાજકોટ હાઈ વે ઉપર કમ્ફર્ટ રીસોર્ટના રૂમ નં.૧૦૫ માં દરોડો પાડી ટંકારા પીઆઇ વાય કે. ગોહિલ અને તેમની ટીમે જુગારના હાઈ પ્રોફાઈલ કેસમાં નવ આરોપીઓ નિરવભાઈ અશોકભાઇ ફળદુ, નિતેષભાઈ ઉર્ફે નિતીનભાઈ નારણભાઈ ઝાલરીયા, ભાસ્કરભાઈ પ્રભુદાસ પારેખ, વિમલભાઈ રામજીભાઈ પાદરીયા, રઘુવિરસિંહ દિપકસિંહ બહાદુરસિંહ જાડેજા, કુલદિપસિંહ વનરાજસિંહ ગોહિલ, નીલેષભાઈ ગંગદાસભાઈ ઠુમ્મર, ગોપાલ રણછોડભાઈ સભાડ તથા ચિરાગ રસીકભાઈ ધામેચા વિરુદ્ધ ટોકન ઉપર જુગાર રમવા મામલે કેસ કરી ૧૨ લાખની રોકડ તેમજ બે ફોર્ચ્યુનર કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બીજી તરફ મોટા માથાઓને સંડોવતા આ જુગાર દરોડા પ્રકરણમાં આરોપીઓના નામ ખોટા દર્શાવવામાં આવ્યા હોવાનું સામે આવતા અખબારોમાં સમાચાર પ્રસિદ્ધ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ ચોકી ઉઠ્યા હતા અને રાજકીય આગેવાનની રજુઆત રાજ્યના પોલીસવડા સુધી પહોંચતા સ્ટેટ મોનીટરીંગ સેલને તપાસ સોંપવામાં આવતા પીઆઇ

આ તપાસ શરૂ થઇ તે સાથે જ પી. આઇ. વાય.કે.ગોહિલ તથા કોન્સ્ટેબલ મહિપતસિંહ





સોલંકીએ કાળાધોળા કર્યાની પ્રાથમિક વિગતો સામે આવતાં જ તપાસ બાદ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. બીજી તરફ એસએમસીની તપાસ બાદ ગઈકાલે રાત્રે એસએમસી પીઆઇ આર. જી. ખાટ દ્વારા તત્કાલીન ટંકારા પીઆઇ વાય. કે. ગોહિલ અને કોન્સ્ટેબલ મહિપત સોલંકી વિરૂધ્ધ પોતે રાજ્ય સેવકો હોવા છતાં, કાયદા હેઠળના આદેશની અવજ્ઞા કરી, પંચનામા-ફરીયાદમાં ખોટી હકીકત દર્શાવી ખોટા દસ્તાવેજી પુરાવાઓ બનાવી, ઉભા કરી તે પુરાવાઓ ખોટા દસ્તાવેજી પુરાવાઓ હોવાનું પોતે જાણતાં હોવા છતાં કોર્ટમાં મોકલી આપી, તેનો સાચા તરીકે ઉપયોગ કરી, ગુના હિત કૃત્ય કરવાના હેતુથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ગુનાહિત કાવતરું રચી, ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી હોવાનો આરોપ મુકાયો છે.

આ ઉપરાંત પીઆઇ અને કોન્સ્ટેબલે આરોપીઓ પાસેથી અને અધિકૃત રીતે લાંચની માંગણી કરી, સાહેદો મારફતે રાજ્ય સેવક તરીકે પ્રથમ રોકડા રૂપિયા ૧૨,૦૦,૦૦૦ વિમલભાઈ પારદરીયાના મિત્ર સુમીત અકબરી મારફતે રાજકોટથી મંગાવી જુગારની રેઈડમાં બતાવી અને ત્યારબાદ રોકડા રૂપિયા ૪૧,૦૦,૦૦૦ તથા રોકડા રૂપિયા ૧૦,૦૦,૦૦૦ ન્યુઝ-મિડીયા આવે તે પહેલાં જામીન ઉપર મુક્ત કરી દેવા, ન્યૂઝ પેપર કે સૌશીયલ મિડીયામાં ફોટો નહીં આપવા તેમજ ભળતાં-ખોટા નામો આપવા, પંચનામા ફરી યાદમાં ખોટુ નામ લખવા, મોબાઈલ ફોનો પૈકી જરૂરીયાતવાળા મોબાઈલ ફોન પરત આપવા માટેની ગોઠવણ કરી દીધી હતી.

આમ પીઆઇ સહિતે જૂગારમાં ઝડપાયેલા આરોપીઓ પાસેથી એકાવન લાખ રૂપિયા બળજબરીથી કઢાવી લઈ, પોતે રાજ્ય સેવકો હોવા છતાં સત્તાનો દુરઉપયોગ કરી, પોતાના તાબા હેઠળના નીચલા વર્ગના કર્મચારીઓને ગેરકાયદેસર કૃત્ય કરવા ફરજ પાડી, ગેરકાયદેસર રીતે જાતે અને અન્ય મારફતે પોતાના કાયદેસરના મહેનતાણા સિવાય રૂપિયા ૫૧ લાખ જેવી માતબર રકમની લાંચની માંગણી કરી રકમ સ્વીકારી હોઇ ગુનો દાખલ કરાય છે. સસ્પેન્ડેડ પીઆઇ અને કોન્સ્ટેબલની હવે આ ગુનામાં ધરપકડ કરી આગળ તપાસ શરૂ કરવામાં આવશે. આ કાર્યવાહીને પગલે પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

### સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં મફતમાં ભોજનીયા ને સુવાની જગ્યા મળી રહેતા હોઇ પડ્યા પાથર્યા રહે છે આવારા તત્વો

# મહિલા નર્સ સામે બાર ઈંચની છરી સાથે લુખ્ખો ધસી આવ્યો

## બૂમાબૂમ થતાં સિક્યુરીટી ગાર્ડએ પકડી પોલીસને સોંપ્યોઃ અગાઉ યુપીનો આ શખ્સ દારૂ સાથે પકડાયો હતોઃ જ્યાં ઘટના બની ત્યાં કેમેરા કે પુરી લાઇટની સુવિધા પણ નથી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૪**

પીડીયુ સિવિલ હોસ્પિટલ કે જ્યાં શહેર ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવે છે. અહિ દર્દીઓ તેમજ નર્સિંગ સ્ટાફ, ડોક્ટર, ચોથા વર્ગના કર્મચારીઓની સુરક્ષા માટે સતત સિક્યુરીટી તૈનાત રહે છે. નિવૃત આર્મીમેન પણ ફરજમાં હોય છે. આમ છતાં અમુક લુખ્ખા આવારા તત્વો અહિ ખેલ કરી જતાં હોય છે. વધુ એક વખત આવો ચોંકાવનારો બનાવ બન્યો છે. જેમાં ટ્રોમા કેર સેન્ટરના પાછળના ભાગે સાંજના સમયે મહિલા નર્સ વાહન લેવા ગયા ત્યારે એક લુખ્ખાએ તેમને મુંગો દઇ છરી બતાવી હતી. દેકારો મચી જતાં સિક્યુરીટી ગાર્ડ દોડી આવ્યો હતો અને તેને દબોચી લીધો હતો. પોલીસે આ શખ્સ સામે ગુનો નોંધી બાર ઇંચની છરી કબ્જે કરી હતી.

વિગતો પર નજર કરીએ તો સાંજે નોકરી પુરી કરી પાર્કિંગમાં પોતાનું ટુવ્હીટર લેવા ગયેલા મહિલા નર્સ સામે અચાનક ધસી આવેલા લુખ્ખા જેવા શખ્સે છરીથી હુમલાનો પ્રયાસ કરતાં હોબાળો મચી ગયો હતો. સિક્યુરીટી ટીમના રામજીભાઇ સહિતના દોડી ગયા હતાં એ શખ્સને પકડી લીધો હતો. પોલીસને જાણ થતાં પ્ર.નગર પોલીસ મથકના કોન્સ. કાનાભાઇ મીર, ટીઆરબી દિગ્વીજય હુદડ સહિતના પહોંચી ગયા હતાં. પોલીસે તપાસ કરતાં આ શખ્સ પાસેથી ૧૨ ઇંચની છરી મળી આવી હતી. પુછતાછમાં તેણે પોતાનું નામ અમરજીત રાજવંશીપ્રસાદ યાદવ જણાવ્યું હતું અને પોતે સિવિલ હોસ્પિટલની ફૂટપાથ પર પડ્યો રહી રખડતુ જીવન જીવતો હોવાનું તેમજ મુળ યુપીના દેવરીયાના સલેમપુરના બઢયાહડદોનો વતની હોવાનું કહ્યું હતું.

પોલીસ આવી એ પહેલા સ્કિયુરીટીની વિશેષ પુછતાછમાં તેણે પોતે હોસ્પિટલમાં અન્નક્ષેત્રમાં જમવા આવ્યાનું રટણ કર્યુ હતું.

જો કે આ બનાવમાં નર્સ દ્વારા ફરિયાદ નોંધાવવાનો ઇન્કાર થતાં પોલીસે ફરિયાદી બની આ શખ્સ સામે છરી રાખવાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. ઉલ્લેખનિય છે કે સિવિલ હોસ્પિટલની સરકારી જગ્યામાં મફતમાં સુવાની જગ્યા અને ભરપેટ ભોજન મળી રહેતાં હોઇ અહિ ખરેખર જરૂરીયાતવાળા હોય તેવા ભુખ્યા લોકોની સાથે સાથે લુખ્ખા, દારૂડીયા, આવારા તત્વો પણ પડ્યા પાથર્યા રહે છે. રોજબરોજ સિક્યુરીટીની ટીમો હોસ્પિટલ કમ્પાઉન્ડમાં રાતે રાઉન્ડ લઇ આવા કારણ વગર પડ્યા રહેતાં શખ્સોને વીણી વીણીને બહાર કાઢે છે.



આમ છતાં બીજા દિવસે આવા લોકો આવી પહોંચે છે. જેમાં અમુક વખત તો કેટલાક દારૂની કોથળીઓ સાથે પણ પકડાયા છે. તો કેટલાક સાઇકલ ચોરતા કે વાહન ચોરતા પણ પકાડાયા છે.

સિક્યુરીટીની ટીમો આવા શખ્સોને પકડી પોલીસને સોંપતી હોય છે. ગઇકાલે પાર્કિંગમાં નર્સ સામે છરી ઉગામતા પકડાયેલા શખ્સને પણ અગાઉ સિક્યુરીટીની ટીમે દારૂ સાથે પકડ્યો હતો અને પોલીસને સોંપ્યો હતો. ટ્રોમા કેર બિલ્ડીંગ પાછળના ભાગે આવેલી જગ્યામાં ઓર્થો વિભાગ સહિતના ડોક્ટર્સ, નર્સીંગ કર્મચારીઓ પોતાના વાહન પાર્કિંગ કરે છે. અહિ સાંજે નોકરી પુરી થતાં એક મહિલા નર્સ પોતાનું વાહન પાર્કિંગમાંથી લેવા ગયા ત્યારે અંધારાનો લાભ લઇ અમરજીત યાદવ છરી સાથે ધસી આવ્યો હતો. તેનો ઇરાદો લૂંટનો હતો કે પછી છેડતીનો તે નક્કી થઇ શક્યું નહોતું. કારણ કે નર્સ દ્વારા આ મામલે કોઇ ફરિયાદ નોંધાવાઇ નહોતી. નર્સ દ્વારા બચાવો, સિક્યોરિટી એવી બૂમો પાડવામાં આવતાં જ સિકયુરીટી ગાર્ડ દોડી આવ્યા હતાં અને ભાગી રહેલા શખ્સને પકડી લીધો હતો.

આ શખ્સ અગાઉ પણ અહિથી દારૂની કોથળી સાથે પકડાયો હતો. ઉલ્લેખનિય છે કે આ બનાવ જ્યાં બન્યો છે ત્યાં કોઇ સીસીટીવી કેમેરા પણ નથી. પુરતી લાઇટની સુવિધા પણ નથી.

# એઇમ્સના જુનિયર નર્સિંગ ઓફિસરે કર્યો આત્મહત્યાનો પ્રયાસ

### નાગેશ્વરના ફ્લેટમાં બનાવઃ આવુ પગલુ ભરવા પાછળ કયા કારણો જવાબદાર?



રાજકોટઃ શહેરના જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં ભાડેથી રહેતાં અને એઇમ્સ હોસ્પિટલમાં જુનિયર નર્સિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતાં યુવતિએ ગઇકાલે પોતાના ફ્લેટમાં પંખામાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યાનો પ્રયાસ કરતાં પડોશીને જાણ થઇ જતાં દરવાજો તોડી બહાર કાઢી એઇમ્સ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. જો કે હાલ તેણી બેભાન હાલતમાં સારવારમાં હોવાથી પોલીસ તેનું વિશેષ નિવેદન નોંધી શકી નથી.

આ બનાવની પોલીસ સુત્રોમાંથી જાણવા મળેલી માહિતી પર નજર કરીએ તો નાગેશ્વરમાં રહેતાં અને એઇમ્સમાં ફરજ બજાવતાં ત્રીસ વર્ષના હિતેશીબેન લક્ષ્મીનારાયણ બોરાળા નામના મુળ રાજસ્થાનના વતનીએ ગળાફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યાની જાણ એઇમ્સ હોસ્પિટલ દ્વારા ગાંધીગ્રામ પોલીસને થતાં હેડકોન્સ. મિહીરસિંહ બારડે ત્યાં પહોંચી નિવેદન નોંધવા તજવીજ કરી હતી. પરંતુ તેણી બેભાન હોઇ નિવેદન નોંધવાનું બાકી રાખ્યું હતું.

જુનિયર નર્સિંગ અધિકારીએ આ પગલુ ભરતાં પહેલા તેણીએ પરિચીત સાથે વાત કરી હોઇ પરિચીતે પડોશમાં જાણ કરી હતી.

પડોશીએ દરવાજો ખખડાવ્યો હતો પણ નહિ ખોલાતાં દરવાજો તોડીને જોતાં તેણી લટકતી હાલતમાં મળતાં નીચે ઉતારી સારવાર માટે ખસેડી હતી. તેણી બેભાન હોઇ કારણ બહાર આવ્યું નથી. સિનીયર કે અન્ય કોઇ દ્વારા કોઇ મુદ્દે હેરાનગતી હતી કે બીજા કારણોસર આ પગલુ ભર્યુ? તે વિગતો તેણી ભાનમાં આવ્યે બહાર આવશે. હાલ એઇમ્સ વર્તુળોમાં આ ઘટનાએ ભારે ચકચાર જગાવી દીધી છે.

### કોઠારિયા સોલ્વન્ટનો નામચીન

# ભૂરી પાસા તળે જેલમાં

### આજીડેમ, તાલુકા, એ ડીવીઝન અને માલવિયા પોલીસ સ્ટેશનમાં ૮ ગુન્હામાં સંડોવાયો'તો



રાજકોટ મિરર, તા.૧૩ : કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતા નામચીન શખ્સ નિલેશ ઉર્ફે ભૂરી ઉર્ફે ભૂરો ગોપાલ વાઘેલાને માલવિયાનગર પોલીસે પાસાના વોરંટના આધારે ધરપકડ કરીને અમદાવાદની જેલમાં ધકેલી દીધો છે. મળતી વિગતો મુજબ શહેરમાં શરીર સંબંધી તેમજ મિલકત સંબંધી ગુનાઓ કરતા શખ્સો સામે પાસાની દરખાસ્ત તૈયાર કરવા પોલીસ કમિશનર દ્વારા આદેશ થયો હતો. તે અનુસંધાને માલવિયા નગર પોલીસ સ્ટેશન દ્વારા કોઠારીયા સોલવન્ટ, શીતળાધાર શેરી નંબર ૯ માં રહેતા નિલેશ ઉર્ફે પૂરી સામે પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી અને મંજૂરી માટે પોલીસ કમિશનર સમક્ષ મોકલાઈ હતી. આ દરખાસ્તને પોલીસ કમિશનર દ્વારા મંજુર કરીને પાસાનું વોરંટ ઇસ્યુ કરતા માલવિયાનગર પોલીસે વોરંટની બજવણી કરી નિલેશને ઝડપી પાડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ નિલેશ સામે ભૂતકાળમાં આજીડેમ પોલીસ સ્ટેશનમાં પાંચ, તેમજ રાજકોટ તાલુકા માલવિયાનગર અને એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એમ ૮ ગુના નોંધાઈ ચૂક્યા છે. નિલેશ વાઘેલાને પકડવા માટે માલવિયાનગર પોલીસ સ્ટેશનના પી.આઇ. જે. આર. દેસાઈ., પી.એસ. આઇ. ડી.એસ ગજેરા, એએસઆઈ દીપકભાઈ રાઠોડ, હિરેનભાઈ પરમાર, હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ રૂદાતલા, અજયભાઈ વિકમા, દિનેશભાઈ બગડા, હિતેશભાઈ અગ્રાવત તેમજ કોન્સ્ટેબલ ભાવેશભાઈ ગઢવી રોકાયા હતા

# રાતૈયા પ્રા.શાળાના વિદ્યાર્થીઓની કુનેહ

### ઓટોમેટિક ફાઈર સેફ્ટી સિસ્ટમ વિથ રોબોટિક ટેકનોલોજીની કૃતિ રજુ કરી





રાજકોટ મિરર, ખીરસરા, તા.૧૩

ઋઈઊછ્ઞ -ગાંધીનગર અને જીલ્લા શિક્ષણ તાલીમ ભવન-રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજકોટ જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪ -૨૫નું આયોજન ઉપલેટા મુકામે ભગવતસિંહજી પ્રાથમિક શાળામાં તારીખ ૧૦ અને ૧૧ ડિસેમ્બર ૨૦૨૪ ના કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગ - ૫ આપત્તિ અને વ્યવસ્થાપનમાં લોધિકા તાલુકાની રાતૈયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઓટોમેટીક ફાયર સેફટી સિસ્ટમ વિથ રોબોટિક ટેકનોલોજી નામની કૃતિ તેના વિજ્ઞાન શિક્ષક કવિતાબેન ભટાસણાના માર્ગદર્શન હેઠળ રજૂ કરવામાં આવી હતી.

જેમાં અત્યારની તાતી જરૂરિયાત આગ લાગેલ હોય ત્યારે રોબોટ દ્વારા આગને કેવી રીતે કાબુમાં લાવી શકાય તે બાબતની રજૂઆત આ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી .જે બદલ આ વિદ્યાર્થીઓનું સન્માન સરદાર પટેલ ટાઉનહોલમાં કાર્યક્રમના અધ્યક્ષ ડો. મહેન્દ્રભાઈ પાડલીયા(ધારાસભ્ય ઉપલેટા-ધોરાજી )ની ઉપસ્થિતિમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિતભાઈ પટેલ અને પ્રાચાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પ્રજ્ઞાબેન રાદડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

(ફોટો : ભીખુપરી ગોસાઈ)

# મોબાઈલમાં ઓનલાઇન જુગાર રમતા યજ્ઞરાજ બસિયા પકડાયો

રાજકોટ મિરર, તા.૧૩

શહેરની ડીસીબી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના ગોપાલ ચોક વિસ્તારમાંથી એક શખ્સભે મોબાઈલ પર ઓનલાઇન જુગાર રમતા પકડી પાડી ₹૩૫,૦૦૦ ની કિંમતનો મોબાઇલ કબજે કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલા શખ્સનું નામ યજ્ઞરાજ નાનકુભાઈ બસિયા (રહે. ભીડભંજન સોસાયટી-૪, ગોપાલ ચોક, રાજકોટ મૂળ સુલતાનપુર તા. ગોંડલ) વાળો હોવાનું જણાવ્યું હતું.

**દારૂની બે બોટલ સાથે ઝડપાયો**

ડીસીબી પોલીસે બાતમીના આધારે પીડીએમ ફાટક સામેના નારાયણ નગર, આરોગ્ય કેન્દ્ર પાસેથી પસાર થતી કારને રોકી તલાસી લેતા તેમાંથી રૂપિયા ૧૨૦૦ ની કિંમતની દારૂની બે બોટલ સાથે બે શખ્સો પકડાઈ ગયા હતા. પકડાયેલા શખ્સોમાં ઇન્દ્રજીતસિંહ ભુપતસિંહ ઝાલા (રહે. નવલનગર સોસાયટી, શેરી નંબર ૨, ફાયર બ્રિગેડ પાસે તેમજ ક્રીશ દિનેશ ગોંડલીયા (રહે. નવલ નગર, સોસાયટી શેરી નંબર ૧૨, સાહિલ પ્લાયવુડ પાસે) નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે આ તકે દારૂ અને કાર મળીને રૂપિયા ૩,૦૧,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મૈત્રી કરારથી મહિલા સાથે રહેતા યુવાન પર ચાર શખ્સોનો હુમલો

### શહેરના ઓમ નગર ૪૦ ફૂટ રોડ પરની પ્રિયદર્શન સોસાયટીનો બનાવ

રાજકોટ મિરર, તા.૧૩

શહેરના ઓમ નગર ૪૦ ફૂટ રોડ, પ્રિયદર્શન સોસાયટી, શેરી નંબર-૧, ખોડીયાર નિવાસ નામના મકાન સામે રહેતા વિપુલભાઈ ભાણજીભાઈ પેઢળિયાએ પોતાના પર ચાર શખ્સોએ મહિલા સાથે મૈત્રી કરારથી રહેવા મુદ્દે હુમલો કરી ઈજા પહોંચાડ્યાની રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આરોપી તરીકે લાલજી દિનેશ જીંજવાડીયા, રોહિત ભરત તેમજ અજય અને રમણનો પુત્ર ભૂરો (રહેવાસી બધા લક્ષ્મીનગરના નાના પાસે)ના નામ આપ્યા છે.

પોલીસ ફરિયાદમાં વિપુલ ભાણજી પેઢળિયાએ જણાવ્યું છે કે, તા. ૧૨ ના રોજ રાત્રીના ૧૨:૩૦ વાગ્યાની આસપાસ તે તેમના માતા અને ભાઈ તેમજ મૈત્રી કરાર કરેલ પારુલ અને તેના ત્રણ સંતાનો સાથે ઘરે હતો. ત્યારે પારુલના સગા બનેવી લાલજી દિનેશ ઝીંઝવાડીયા તથા તેનો ભત્રીજો રોહિત ભરત અને કુટુંબી ભાઈ અજય તથા તેમનો સંબંધી રમણભાઈનો પુત્ર ભૂરો તેમના ઘરે આવ્યા હતા અને જેમફાવે તેમ ગાળો આપી ચારેય પૈકીના અજય તથા એ ટીકા પાટુ નો માર મારે છરી વતી હુમલો કર્યો હતો એટલું જ નહીં રોહિતે પ્લાસ્ટિકનો પાઈપ દ્વારા પણ તેમના પર હુમલો કર્યો હતો. આ સમયે પારુલ તથા તેમના પિતા વચ્ચે પડતા પારુલે પોલીસને બોલાવવા કોલ કરતા હુમલાખોર ચારેય નાસી ગયા હતા.

બનાવના કારણ બાબતે ફરિયાદીએ એવું જણાવ્યું છે કે પારુલ સાથે છેલ્લા ત્રણેક વર્ષથી પરિચયમાં હોય અને પારુલના પતિ ગોવિંદભાઈ અમરશીભાઈ સોલંકીનું વર્ષ ૨૦૨૪ ના ૧૧ માં મહિનામાં મૃત્યુ થયું હોય પોતે રાજકોટમાં પારુલ સાથે મૈત્રી કરાર કરી રહેતો હતો આ મનદુઃખ રાખીને ગઈકાલે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી ઉપરોક્ત ચારેય હુમલાખોરોની શોધખોળ આદરી છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ૨ લાખ કટ્ટા ઠલવાયા

### સિઝનની રેકોર્ડબ્રેક આવક નોંધાઈ : ૮ કિમી લાગી વાહનોની લાઈનો : તમામ વાહનોની જણસી યાર્ડમાં ઉતારાઈ



રાજકોટ મિરર, ગોંડલ તા.૧૩

ગોંડલના માર્કેટ યાર્ડમાં ડુંગળીના ૨ લાખ કટ્ટાની વિક્રમી આવક થતા વાહનોની લાંબી લાઈનો લાગી હતી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયા એ જણાવ્યુ હતું કે ડુંગળીના બે લાખથી વધુ કટ્ટાની આવક થતા યાર્ડ લાલ ડુંગળી ઉભરાયું હતું. અહી દરેક જણસીના ઊંચા ભાવ મળતા હોવાની ખેડૂતો પુષ્કળ પ્રમાણમાં ખેતપાકો લઈને આવતા હોવાનું પ્રમુખ ઢોલરીયાએ જણાવ્યું હતું.

યાર્ડ બહાર બન્ને બાજુ ૨ હજારથી વધુ ડુંગળી ભરેલા વાહનોની ૭ થી ૮ કી.મી લાંબી લાઈનો લાગી હતી. હરાજીમાં ડુંગળીના ૨૦ કિલોના ભાવ રૂ. ૨૦૦ થી રૂ. ૮૫૦ સુધીનો ભાવ બોલાયો હતો.

અત્રે એ નોંધનીય છે કે, ગોંડલ માર્કેટિંગ યાર્ડ લાલ ડુંગળીની આવકમાં મોખરે સ્થાન ધરાવે છે. અન્ય રાજ્યમાંથી વેપારીઓ ડુંગળીની ખરીદી કરવા ગોંડલના યાર્ડમાં સમયાંતરે આવતા રહેતા હોવાનું જાણવા મળ્યું છે. ડુંગળીની રેકોર્ડબ્રેક આવકને લઈને યાર્ડના સત્તાધીશો દ્વારા અન્ય જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક બંધ કરવામાં આવી છે.

(ફોટો : કુલદીપસિંહ જાડેજા ગોંડલ)

## ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડૂતોને પ્રતિ મણે રૂા.૨૦૦નો ફાયદોઃ રાઘવજી પટેલ

રાજકોટ મિરર, તા.૧૩ : સમગ્ર રાજ્યમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી પ્રક્રિયામાં ૧૬૨ કેન્દ્રો ઉપર મગફળીની ખરીદી શરૂ છે. ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં પ્રતિ મણ રૂા. ૧૩૫૬થી ખરીદી થઇ રહી છે. જે ઓપન બજારની સરખામણીએ વધુ ભાવ ખેડૂતોને મળે છે. ખેડૂતોને પ્રતિ મણ રૂા.૨૦૦નો ફાયદો થઇ રહ્યો છે. તેમ રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઇ પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું. રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઇ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ખેડૂતોને મગફળીના ભાવ સારા મળે તે માટે સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદી રહી છે. ખેડૂતોને ઓપન બજારની સરખામણીએ સારા ભાવ મળતા મગફળી વેંચી રહ્યા છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** મૂળ ધોરાજી, હાલ રાજકોટ નિવાસી સ્થા.જૈન મહેન્દ્રભાઈ મનસુખલાલ દોશી(ઉ.૭૧) તે ચંદ્રિકાબેનના પતિ, નીપુભાઈ(એડવોકેટ), પારસભાઈ(ઓસ્ટ્રેલીયા)ના પિતા, ભુપતભાઈ, નીતીનભાઈ, જયશ્રીબેન, રંજનબેન, મંજુબેન, ભરતભાઈના ભાઈ, સ્વ.નગીનદાસ હીરાચંદ રૂપાણીના જમાઈ તા. ૧૩ ના રોઅજ અવસાન પામ્યા છે. ઉઠમણું તા.૧૪ ના રોજ સવારે ૧૦થી ૧૦-30 તેમજ પ્રાર્થનાસભા સવે ૧૦.30થી ૧૧.30, જનકલ્યાણ હોલ, ૫-જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોક પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** કારડીયા રાજપૂત સમાજના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ.હેમંતસિંહ દીપસિંહ પરમારના પત્ની કાશીબેન(ઉ.૯૧) તે રવિસિંહ, સ્વ.બહાદુરસિંહ, સ્વ. રાજેન્દ્રસિંહ, વિજયાબેન તેમજ મીનાબેન રાજેન્દ્રસિંહ કામલીયાના માતા તા. ૧૩ના રોજ અવસાન પામ્યા છે. બેસણું તા.૧૬ને સોમવારે, સાંજે ૪ થી ૬, રામ મંદિર, રામનગર શેરી નંબર -૨, પીડીએમ કોલેજ પાસે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.




# પ્રાઈડ-વનવર્લ્ડ ગ્રુપ પરના દરોડામાં GSTને હાથ લાગ્યા અનેક શંકાસ્પદ દસ્તાવેજો

## કોમ્પ્યુટર, હાર્ડ ડિસ્ક, બાળકોના લેપટોપ બિલોની ફાઈલ સહિતના દસ્તાવેજોની ચકાસણી શરૂ : વિભાગને હાર્ડડિસ્ક માંથી શંકાસ્પદ માહિતીઓ અને આંકડાઓ મળે તેવી સંભાવના

રાજકોટ, તા. ૧૩

છેલ્લા ઘણા સમયથી જીએસટી વિભાગ જે રીતે વેપારી ઉપર તવાઈ બોલાવી રહી છે તેનાથી વિવિધ ક્ષેત્રમાં ખાસ તો એવો ડર વ્યાપી ઊઠ્યો છે મળતી માહિતી મુજબ રાજકોટના બિલ્ડર લોબી ઉપર સેન્ટ્રલ જીએસટી અને ઉૠૠઈના સંયુક્ત ઓપરેશનમાં બિલ્ડરો પર તવાઈ બોલાવવામાં આવી. એટલું જ નહીં સેન્ટ્રલ જીએસટીના સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રાઇડ ગ્રુપ અને વનવર્લ્ડ ગ્રુપના વિવિધ પ્રોજેક્ટ પર જે દરોડા પાડવામાં આવ્યા તેમાં ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી બહાર આવે તેવી સંભાવનાઓ તથા શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે એટલું જ નહીં અધિકારીઓના જણાવ્યા અનુસાર, જે જગ્યા પર દરોડા પાડવામાં આવ્યા તે તમામ બિલ્ડરો દ્વારા ખોટી રીતે આઈ.ટી.સી કલેમ કરવામાં આવી હતી. ત્યારે આ તમામ જગ્યાઓ પરથી કોમ્પ્યુટર, હાર્ડડિસ્ક, છોકરાઓના કોમ્પ્યુટર અને લેપટોપ તથા બિલોની ફાઈલ સહિત તમામ જરૂરી દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે.

બિલ્ડરો દ્વારા ઘણી ઘણી વખત ખોટો ખર્ચ દેખાડવામાં આવતો હોય છે અને તે બાદ બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ ક્લેમ કરવામાં આવે છે ત્યારે ખોટા બીલો રજૂ કરી જે કૌભાંડ આચારવામાં આવતું હોય તેનાથી ઘણા પ્રશ્નો ઊભા થયા છે હાલ બિલ્ડર લોબી ઉપર જે દરોડા પાડવામાં આવ્યા તેમાં માલની કોઈ મોમેન્ટ કરવામાં આવી ન હતી ત્યારે હવે જીએસટી ઇન્ટેલિજન્સ અને પ્રિવેન્ટીવ વિભાગ દ્વારા હાલ જે માહિતી એકત્રિત કરવામાં આવી તેનું અવલોકન કરવામાં આવશે અને ત્યારબાદ જ સત્ય હકીકત બહાર આવશે કે કયા પ્રમાણમાં કરચોરી સામે આવી છે. રાજ્યમાં ઉપરા ઉપરી વિવિધ શહેરોમાં સ્ટેટ જીએસટીની સાથો-સાથ સેન્ટ્રલ જીએસટી દ્વારા દરોડા કરવામાં આવે છે. ત્યારે આજે સેન્ટ્રલ જીએસટીની ટીમે રાજકોટના બિલ્ડરો દરોડા પાડ્યા છે. પ્રાઇડ અને ધ વન વર્લ્ડ ગ્રુપ પર દરોડા પાડયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. હાલ બન્ને બિલ્ડર ગ્રુપના તમામ પ્રોજેક્ટ પર તપાસ હાથ ધરવામાં આવી છે.

સેન્ટ્રલ જીએસટી(ઈૠૠ) ની ટિમ દ્વારા રાજકોટના કેટલાક જાણીતા બિલ્ડરો ઉપર તવાઈ હાથ ધરાઈ છે. જેમાં પ્રાઈડ ગ્રૂપના મોટામવા અને પ્રેમ મંદિર પાસેના કોમર્શિયલ પ્રોજેક્ટ, ધ વન વર્લ્ડ ગ્રૂપના બાલાજી હોલ પાસેના મંગલમ, વાઈટાલીટી તેમજ નાનામવા પાસેના સર્કલ કોર્પોરેટ વર્લ્ડ, અંબિકા ટાઉનશીપ, પીપળીયા એમ્પાયર, પીપળીયા હોલ કોઠારીયા, આઈકોનીક વર્લ્ડના કાંગશીયાળી પ્રોજેક્ટ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.પ્રાઇડ ગ્રુપના સંચાલક રોહિત રવાણી અને ધ વન વર્લ્ડ ગ્રુપના સંચાલક પ્રિતેશ પીપળીયા છે. બીજી તરફ એ વાતની પણ શક્યતા સિવાય રહી છે કે જો તપાસમાં ખૂબ મોટા પ્રમાણમાં લાયબિલિટી સામે આવશે તો ઇન્કમટેક્સ વિભાગને પણ આ તપાસમાં આવું પડશે હાલ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ જીએસટી ઇન્ટેલિજન્સ દ્વારા સર્ચ ઓપરેશન આટોપી લેવામાં આવ્યું હોય તેવી શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે પરંતુ હજુ સુધી કોઈ ચોક્કસ વાત સામે આવી નથી પરંતુ એ વાત સ્પષ્ટ છે અને સૂત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તેને ધ્યાને લઈ કે આ સર્ચ ઓપરેશનમાં ખૂબ મોટા પ્રમાણમાં જીએસટી ચોરી થઈ હોવાનું સામે આવે તો નવાઈ નહીં.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કરચોરો પર તવાઈ બોલાવવા માટે ભારે મહેનત અને જેમ જ ઉઠાવવામાં આવી રહી છે સાથોસાથ દરેક સેન્ટ્રલ એજન્સીને પણ તાકીદે સૂચિત કરવામાં આવ્યું છે કે તેમના દ્વારા એ તમામ મિલકત ધારકો પર નજર રાખવામાં આવે અને જરૂરી દસ્તાવેજ એકત્રિત કરવામાં આવે જેથી ખ્યાલ આવી શકે કે કેમના દ્વારા કઈ પ્રકારે કરચોરી કરવામાં આવી છે જેને લઈને હાલ સેન્ટ્રલ જીએસટી હોય કે સ્ટેટ જીએસટી ઇન્કમટેક્સ વિભાગ એ પણ આ અંગે તપાસ શરૂ કરી દીધી છે અને કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

### સંલગ્ન પેઢી ધારકો તથા વેપારી વર્તુળ ઉપર પણ તપાસ

જીએસટી ઇન્ટેલિજન્સ અને પ્રિવેન્ટીવના અધિકારીઓએ આડકતરી રીતે જણાવ્યું હતું કે જે બિલ્ડર ગ્રુપ ઉપર દરોડા પાડવામાં આવ્યા છે તેની સાથે તેની સલગ્ન પેઢી અને તેની સાથેના વેપારી વર્તુળ ઉપર તપાસ હાથ ધરવામાં આવશે હાલ તે માટે ડેટા ભેગો કરવામાં આવી રહ્યો છે બીજી તરફ જે મહત્વપૂર્ણ દસ્તાવેજો જીએસટી ઇન્ટેલિજન્સના હાથે લાગ્યા છે તેમાં પણ જો અન્ય વેપારી ના નામ સામે આવશે તો તેમના પર પણ તપાસ હાથ ધરવામાં આવી શકે છે ત્યારે આ ગ્રુપ સાથે સંકળાયેલા વેપારી આલમમાં પણ ક્યાંકને ક્યાંક ફફડાટ જોવા મળી રહ્યો છે કે શું તેમના ઉપર પણ જીએસટીની ટીમ ત્રાટક છે કે કેમ કે પછી આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવશે.

### નિર્ધારિત સમયમાં બદલ્યો અને પ્રમોશન ન થતાં કામગીરીનું ભારણ એજન્સી પર વધ્યું

આવકવેરા વિભાગ અને જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર થોડા સમય પહેલા જે બદલી અને બઢતી થઈ તે નિર્ધારિત સમયથી મોળી થઈ છે પરિણામ સ્વરૂપે જે કામગીરી નિર્ધારિત સમયમાં કરવામાં આવનાર હોય તે કામગીરી પાછળ ઠેલાઈ હતી. ત્યારે બંને એજન્સી માટે હાલ કામનું બેક લોગ પણ ખૂબ વધી ગયું છે પરિણામ સ્વરૂપે આવનારા દિવસોમાં પણ જીએસટી વિભાગની સાતોસાથ આવકવેરા વિભાગ દ્વારા પણ દરોડા પાડવામાં આવે તો નવાઈ નહીં કારણ કે સેન્ટ્રલ એજન્સીને કેન્દ્ર સરકાર દ્વારા જે રીતે ટાર્ગેટ આપવામાં આવ્યા છે તેને પરિપૂર્ણ કરવા સર્ચ ઓપરેશન એકમાત્ર વિકલ્પ રહેતો હોય છે જેને હાલ બંને વિભાગ એટલે કે જીએસટી અને ઇન્કમટેક્સ સંયુક્ત રીતે ઉપયોગ કરી રહી છે.

---

કૃષ્ણદત રાવલે તંત્રનું ધ્યાન દોરતા બહાર આવ્યું સ્કેમ

# કોંગી અગ્રણીના માતૃશ્રીની માલિકીના પ્લોટમાં અન્યનું નામ ઘુસાડી દેવાતા તંત્રનું દોર્યું ધ્યાન : ઝડપાયું કૌભાંડ

## વકીલ કિશન ચાવડા તલાટી મંત્રી તથા સબ રજીસ્ટ્રારની સંડોવણી ખુલી : વધુ તપાસ હાથ ધરાય તો ૩૦ થી ૩૫ દસ્તાવેજો ખોટા હોવાનું પણ આવી શકે છે બહાર




રાજકોટ, તા. ૧૩

રાજકોટના જંકશન વિસ્તારમાં આવેલી સબ રજીસ્ટારની અસલી કચેરી ખાતે બોગસ દસ્તાવેજને લગતું કૌભાંડ ૧૫ મહિનાથી ધમધમી રહ્યું હોવાનું સામે આવ્યું છે. સબ રજીસ્ટાર અતુલ દેસાઈ દ્વારા કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટર સુપરવાઈઝર જયદીપ ઝાલા, વકીલ કિશન ચાવડા અને પૂર્વ કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટર હર્ષ સોની સહિતના વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. હાલમાં પોલીસ દ્વારા આરોપીઓને પકડવા માટે કુલ ૩ પોલીસ સ્ટેશનની બે બે ટીમ મળી કુલ ૬ ટીમો બનાવવામાં આવી છે. જયદીપ ઝાલાની ધરપકડ કરી લેવામાં આવી છે. તો સાથે જ આરોપી પાસેથી કેટલીક ચીજવસ્તુઓ પણ ગુનાના કામે કબજે કરવામાં આવી છે. નકલી દસ્તાવેજોનું કૌભાંડ જેના કારણે પ્રકાશમાં આવ્યું તેવા રૈયા સર્વે ૨૭૭ પૈકી ૧ જેમનાં નામે બિનખેતી થયું છે તેવા સરોજબેનના રૂદ્રદત્તભાઈ રાવલના પુત્ર અને કોંગી અગ્રણી કૃષ્ણદત્ત રાવલે રાજકોટ મિરરને માહિતી આપતાં જણાવ્યું હતું કે તેમની જગ્યા રૈયા ૨૭૭ પૈકી એક બિનખેતી થયેલ જગ્યા છે જેના પર ૪૦૦ વાર ઉપરના ૧૦૯ પ્લોટ ઉભા કરવામાં આવ્યા હતા જે સરોજબેન રુદ્રદત ભાઈ રાવલ ના નામે છે. એટલું જ નહીં તેઓ જણાવ્યું હતું કે આ સમગ્ર જે ૧૦૯ પ્લોટ છે તેમાંથી ૪૨ નંબરનો પ્લોટ સરોજબેન રાવલ ના નામનો હતો જેને આજ દિન સુધી વેચવામાં આવ્યો નથી પરંતુ ખોટી એન્ટ્રી માટે એડવોકેટ કિશન ચાવડા મારફત સમગ્ર કારસ્તાન આચરવામાં આવ્યું હતું. એની જાણ તેઓને એ સમય થઈ કે જ્યારે તેઓ તેમના માતૃશ્રીનું પ્રોબેટ કાઢવા માટે બે નંબરનો હક પત્ર કાઢવા પહોંચ્યા જ્યાં રયાના મંત્રી મયુરભાઈ ની સાંઠગાંઠના પગલે ખોટી અરજી ઉભી કરવામાં આવી હતી. વધુમા કોંગ્રી અગ્રણી કૃષ્ણદત રાવલે રાજકોટ મિરર સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે નિયમ છે કે ૨૦૧૫ પહેલાંના દસ્તાવેજ હોય તો તેમાં પહેલા મંત્રીએ મૂળ માલિકને પૂછવું પડે પરંતુ જ્યારે બોગસ એન્ટ્રી પાડવામાં આવી ત્યારે આ અંગે કોઈ વાત કે ફોન કરવામાં આવ્યો ન હતો.



જે બાદ આરોપીઓ દ્વારા ૧૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ ખોટી એન્ટ્રી પાડવામાં આવી હતી જે અંગેની જાણ થતા જ પાંચ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ પશ્ચિમ મામલતદાર મહેશ શુક્લા સમક્ષ લેખિત અરજી કરવામાં આવી. તમામ દસ્તાવેજો ની ચકાસણી કર્યા બાદ મામલતદારે એક્શન લેવાનું નક્કી કર્યું. વધુમાં તેઓ જણાવ્યું હતું કે વકીલ કિશન ચાવડા, તલાટી મંત્રી તથા રજીસ્ટ્રાર સાથે તેઓ જોડાયેલા હતા. આ અંગે જો ગંભીરતાપૂર્વક તપાસ કરવામાં આવે તો હજુ ૩૦ થી ૩૫ દસ્તાવેજ ખોટા હોવાનું બહાર આવી શકે છે.

પોલીસે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. હર્ષ સોનીના ઘરે પોલીસના દરોડામાં નકલી દસ્તાવેજ બનાવવાની સામગ્રી મળી આવી હતી. આ સમગ્ર ઘટના જોતા નકલી દસ્તાવેજનું કૌભાંડમાં મોટા નેટવર્કનો પર્દાફાશ થઈ શકે તેવી શક્યતા છે. પોલીસ દ્વારા સબ રજીસ્ટર કચેરીમાં રહેલા કર્મચારીઓની પણ પૂછપરછ કરવામાં આવશે. હજુ પણ અનેક લોકોની સંડોવણી ખુલે તેવી પ્રબળ શક્યતાઓ છે.રાજકોટમાં સબ રજીસ્ટાર અતુલ દેસાઈ સહિતના આરોપીઓએ કૌભાંડ કરતા પહેલા ૧૯૭૨ પૂર્વેની એવી મિલકતો કે જેમાં આજ દિવસ સુધી કોઈ ખરીદ વેચાણનું મુવમેન્ટ જોવા ન મળ્યું હોય તેવી ૧૭થી વધુ મિલકતોના દસ્તાવેજી રેકોર્ટ સાથે ખેલ કર્યો હતો.

### કોન્ટ્રાક્ટ પરના લોકોને નહીં પરંતુ સરકારી કર્મચારીઓને ડોક્યુમેન્ટેશન સ્કેનનું સોપવુ જોઈએ કામ

હાલ તજજ્ઞ લોકોના જણાવ્યા અનુસાર આ થવા પાછળનું સૌથી મોટું કારણ એ છે કે કોન્ટ્રાક્ટ પરના લોકોને નહીં પરંતુ સરકારી કર્મચારીઓને ડોક્યુમેન્ટેશન સ્કેનનું કામ સોપવું જોઈએ જેથી આ પ્રકારની ગેરરીતિ નો થાય. હાલ જે રીતે કોન્ટ્રાક્ટ ઉપરના જે લોકો જવાબદારી સોંપવામાં આવી છે તેઓ આ તમામ રેકોર્ડ પર ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે અને લાંબા સમયથી જે મિલકતમાં ખરીદ વેચાણ થયું ન હોય તેની અલગ યાદી કરી તેનામાં કૌભાંડ આચરવામાં આવતું હોય છે ત્યારે હવે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને સરકારી કર્મચારીઓએ ખરેખર આ મહત્વપૂર્ણ જવાબદારી સંભાળવી જોઈએ નહીં કે આ જવાબદારી કોઈ કોન્ટ્રાક્ટના કર્મચારીઓને આપવી.

---

અપમૃત્યુનો સિલસિલો યથાવતઃ છ ઘટનાઓમાં બાળક, યુવાન, મહિલાઓનો ભોગ લેવાયો

# ઝેરી દવાવાળા હાથે રોટલો ખાઈ જતાં ટેણીયાનો જીવ નીકળી ગયો!


## નવજાત દિકરી દૂધ પીતી નહોતી અને રડતી હતી તેની ચિંતામાં પિતાએ આપઘાત કર્યો: એક પરિણીતા માટે અગનજવાળા મોત બની: મહિલા અને યુવાનના બેભાન હાલતમાં થયા મૃત્યુ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા. ૧૩**

અલગ અલગ બનાવોમાં અપમૃત્યુના છ કિસ્સા પોલીસ ચોપડે ચડ્યા હતાં. જેમાં દોઢ વર્ષના એક માસુમ બાળકને હસતાં રમતાં સાવ અચાનક મોત મળી ગયું હતું. રમતાં રમતાં તેણે દવા છાંટેલા કપાસના છોડને અડી લીધા બાદ ઝેરી દવાવાળા હાથે રોટેલો ખાઇ લેતાં મોત થયું હતું. બીજા બનાવમાં એક પિતાએ પુત્રી દુધ પીતી ન હોઇ અને સતત રડતી હોઇ તેની ચિંતામાં જીવ દીધો હતો. ત્રીજા બનાવમાં એક મહિલાને અગનજવાળા ભરખી ગઇ હતી. તો મહિલા અને યુવાનના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં. હાર્ટએટેકથી મોતથી ઘટના પણ યથાવત રહી હતી. જેમાં બેંકના મેનેજરની જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતી.

ઘટનાઓ પર નજર કરીએ તો ટંકારાના ખાનપુરમાં શૈલેષભાઇ પટેલની વાડીમાં રહી મજૂરી કરતાં મધ્યપ્રદેશના પરિવારના દોઢ વર્ષના બાળકે રમતાં રમતાં કપાસમાં દવા છાંટી હોઇ તેના છોડવાને હાથ અડાડ્યા બાદ ઝેરી દવાવાળા હાથે રોટલો ખાતાં ઝેરી અસર થતાં મોત થયું છે. વધુ માહિતી અનુસાર ખાનપુરમાં રહેતાં એમપીના રાકેશભાઇ વસુનીયાનો પુત્ર ઉસ્તમ કે જે દોઢ વર્ષનો છે તેને ગત નવમી તારીખે વાડીએ ઝેરી અસર થતાં ટંકારા, મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. ગત રાતે તેનું મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ઉસ્તમે રમતાં રમતાં કપાસના છોડને હાથ લગાવ્યા હતાં, છોડમાં ઝેરી દવા છાંટેલી હતી. બાદમાં આ બાળકે દવાવાળા હાથેથી રોટલો ખાધો હતો અને ઝેરી અસર થઇ હતી. તેમ પરિવારજનોએ કહ્યું હતું. મૃતક ઉસ્તમ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો.

બીજા બનાવમાં રાજકોટના સરધાર નજીકના ઉમરાણી ગામની સીમમાં આવેલી હકાભાઈ બકુતરાની વાડીમાં ખેત મજૂરી કામ કરતા બાવીસ વર્ષના શિવા રાજુભાઈ વાસકેલ નામના યુવકે રાત્રીના સાડા આઠેક વાગ્યે હાજતે જવાનું કહીને ખેતરથી નજીકમાં જઇ કપાસમાં છાંટવાની મોનોકોટો નામની ઝેરી દવા પી લીધી હતી. એ પછી તે ઉલ્ટીઓ કરવા માંડતા પરિવારજનોએ તપાસ કરતાં તેના મોઢામાંથી દવાની ગંધ આવતી હોઇ તે દવા પી ગયાનું જણાતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ મોત નિપજતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આપઘાત કરનાર યુવક સાતેક મહિનાથી વાડીમાં પરિવાર સાથે રહી ખેત મજૂરી કામ કરતો હતો. સંતાનમાં લક્ષ્મી નામની દીકરી છે જે બે ત્રણ દિવસથી દૂધ પીતી નહોતી અને સતત રડતી હતી. તેણીને દવાખાને લઇ ગયા પછી પણ દૂધ પીવાનું ચાલુ ન કરતાં અને રડવાનું બંધ ન કરતાં તેની ચિંતામાં આ પગલુ ભરી લીધુ હતું.





હૃદયના ધબકારા બંધ થયા અને બેંકના મેનેજરની જિંદગીની સફર પુરી થઇ

ત્રીજા બનાવમાં જેતપુરના ભોમધારમાં રહેતી ત્રીસ વર્ષની શ્યામાબેન રાકેશ વર્મા ગત સાતમી તારીખના રોજ દાઝી જતાં જેતપુર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. તેનું રાતે મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. શ્યામાબેન રાતે અગિયારેક વાગ્યે ગેસ ચાલુ કરવા જતાં ગેસ લિક થયેલો હોઇ ભડકો થતાં દાઝી ગઇ હતી. તેણી મુળ યુપીની વતની હતી. તેનો પતિ બોઇલર કંપનીમાં કામ કરે છે. તેણીના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્ર છે.

બીજી તરફ હાર્ટએટેકથી મૃત્યુની ઘટનાનો સિલસિલો પણ જેમનો તેમ રહ્યો હતો. વધુ એક બનાવમાં એક પરિવારે સ્વજન ગુમાવ્યા છે. રૈયા રોડ પર શાંતિ નિકેતન રેસીડેન્સી સામે આલાપ ગ્રીન નજીક શુભમ્ ડુપ્લેક્સમાં રહેતાં છેતાલીસ વર્ષના ભાવેશભાઈ જેરામભાઇ ભુવા સાંજે એકાએક ઘરે બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. વધુ માહિતી અનુસાર ભાવેશભાઇ ભુવા આરડીસી બેંકની મવડી બ્રાંચમાં મેનેજર તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

જ્યારે આસ્થા ચોક રેલનગર લોર્ડ ક્રિષ્ના સોસાયટી-રમાં રહેતાં ત્રેપન વષૃના હીનાબેન રાજેન્દ્રસિંહ જાડેજાને પેરેલીસીસ આવ્યો હોઇ તેમજ બીજી બિમારી હોઇ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને સંતાનમાં એક પુત્ર છે. અન્ય એક બનાવમાં રણછોડનગર ભીમા લુણાગરીયા શેરીમાં પેડક રોડ પર રહેતાં ઓગણચાલીસ વર્ષના વિપુલભાઇ નટવરભાઇ કેરવાડીયા સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં સ્વજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી. તે અપરિણીત હતાં અને એક વર્ષથી કેનસરની બિમારી લાગુ પડી હતી. બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. આ તમામ બનાવોમાં હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ભાવેશભાઇ મકવાણા અને ધર્મેન્દ્રભાઇ હુદડે જરૂરી કાર્યવાહી કરી હતી.